RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
E-mail Id: mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક

Year : 14, Issue : 310, Dt.20-02-2024 Tuesday Page : 4 Retail Selling Price : Rs. 3/- Published Date : DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# ખેડૂત આંદોલનને કારણે દેશને રૂા.૧૦૦૦ કરોડનું નુકસાન

## ટેકાના ભાવ મુદ્દે સરકારનું નાક દબાવવાની ખેડૂત સંગઠનોની વૃતિથી વેપાર ઉદ્યોગને સૌથી વધુ મુશ્કેલીઃ ત્રણ સરહદો સીલ થતાં ઈન્ડસ્ટ્રીયલ એરિયાની ૧૩૦૦ ફેક્ટરીઓને કાચા માલની સપ્લાય મળી નથીઃ તૈયાર માલનો ભરાવો

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

ખેતપેદાશોને અપાતા ટેકાના ભાવને કાનુની માન્યતા આપવાના મુદ્દે પંજાબ સહિતના ઉતર ભારતના ખેડુતોએ ચાલુ કરેલા આંદોલનમાં ગઇકાલે સરકારની દરખાસ્ત ફગાવ્યા બાદ હવે આ આંદોલન વધુ ઉગ્ર બને તેવા સંકેત છે અને આગામી સમયમાં હજારો ખેડુતો દિલ્હી કૂચને વાસ્તવિક બનાવીને પાટનગરને ધમરોળી શકે છે. તે સમયે આ આંદોલનના કારણે દેશના કૃષિ ઉદ્યોગ અને એકંદર અર્થતંત્રને પણ મોટુ નુકસાન થઇ રહ્યું હોવાની ચેતવણી આપવામાં આવી છે.

સરકારે આંદોલનનો અંત લાવવા વધુ કૃષિ પાકોને ટેકાના ભાવ આપવા અને પાંચ વર્ષ સુધી ખરીદીની ઓફર કરી હતી. પરંતુ ગઇકાલે જ ખેડુત સંગઠનોએ સરકારની આ ઓફર ફગાવી છે અને ટેકાના ભાવને કાનુની માન્યતા સિવાય કશુ ઓછું સ્વીકાર્ય નથી તેવી જાહેરાત કરીને આંદોલનને ઉગ્ર બનાવવા તૈયારી કરી છે તે વચ્ચે વ્યાપારીઓની સંસ્થા ઈએઈઝદ્વારા આ હડતાળ પર ચિંતા વ્યકત કરતા જણાવ્યું છે કે, સરકારે અને ખેડુત સંગઠનોએ ઝડપથી કોઇ સમાધાન ઉપર આવવું જરૂરી બની ગયુ છે અને ખાસ કરીને સાત દિવસમાં રૂા. એક હજાર કરોડ જેવું નુકસાન દેશના અર્થતંત્રને થયું છે. ગત સપ્તાહથી જ પંજાબ હરિયાણાની શંભુ બોર્ડર પર હજારો ખેડુતો પડાવ નાંખીને બેઠા છે અને અત્યાર સુધીની ચાર તબકકાની વાતચીત નિષ્ફળ ગઇ છે.

સરકારે પંજાબ સહિતના ખેડુતોને લાભદાયી થાય તે રીતે અડદ, મસુર, કપાસ, મકાઇ અને તુવેર પર પાંચ વર્ષ માટે ટેકાના ભાવ આપવાની તૈયારી બતાવી છે. નાફેડ તથા કોટન કોર્પો. ઓફ ઇન્ડીયાએ ખરીદીની ખાતરી આપી છે. પરંતુ ખેડુત સંગઠનોએ તે ઓફર સ્વીકારી નથી તે વચ્ચે કો.ફેડરેશન ઓફ ઓલ ઇન્ડિયા ટ્રેડર્સ એ જણાવ્યું છે કે છેલ્લા એક સપ્તાહથી નેશનલ હાઇવે જામ કરવાથી ટ્રાન્સપોર્ટેશનને સૌથી મોટુ નુકસાન થઇ રહ્યું છે અને ખેડુત સંગઠનોએ જવાબદારી ઓછામાં ઓછી રીતે તકલીફ પડે તે રીતે તેમના આંદોલનને આગળ વધારવું જોઇએ.

આ આંદોલનના કારણે સમગ્ર શંભુ બોર્ડર ઉપરાંત સિંધુ બોર્ડર, ટીકડી બોર્ડર સીલ કરી દેવાઇ છે. દિલ્હી આસપાસના અન્ય ઔદ્યોગિક ક્ષેત્રમા માલ સપ્લાય અટકી ગઇ છે. આ ઉપરાંત સમગ્ર વિસ્તારમાં ફેકટરીઓ, દુકાનો પણ બંધ કરવાની ફરજ પડી છે અને હજારો મજુરો પણ દૈનિક રોજગારીથી વંચિત થઇ રહ્યા છે. ખેડુતોને આગળ વધતા રોકવા માટે પોલીસે કરેલી કિલ્લેબંધી જેવી વ્યવસ્થા ટ્રાન્સપોર્ટને નુકસાન કરી રહ્યું છે.

ખાસ કરીને અહીં નાના દુકાનદારોથી લઇ ફેકટરી માલિકો માટે પણ સમગ્ર વધવા લાગી છે. રૂા. ૪૦૦-૫૦૦ની કમાણી કરતા દુકાનદારોને તેમના વિસ્તારમાં વ્યાપાર ધંધો મળતો બંધ થઇ ગયો છે. ૧૧૦૦ જેટલી ફેકટરીમાં તૈયાર માલનો ભરાવો થતો જાય છે અને કાચા માલ પણ પહોંચી શકતો નથી.



## વીમા પોલીસી પરત કરવા હવે વધુ સમય મળી શકશેઃ ઈરડાએ સમય સીમા ૧૫ દિવસથી વધારી 30 દિવસ રાખવા પ્રસ્તાવ કર્યો

### હાલના પ્રસ્તાવ પર સામાન્ય જનથી માંડીને વીમા કંપનીઓએ ૪ માર્ચ સુધી પોતાનો ફીડબેક આપવો પડશે

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

હાલમાં જ વીમા નિયામક ઈરડા અર્થાત ઈુસ્યોરન્સ રેગ્યુલેટરી અને ડેવલપમેન્ટ ઓથોરિટી ઓફ ઈન્ડિયાએ વીમા પોલિસીમાં મોટો ફેરફાર કરવાનો પ્રસ્તાવ રાખ્યો છે જે અંતર્ગત પોલિસી ધારક માટે ફ્રી લુક સમય ગાળાને બે ગણો કરવામાં આવશે.

આનો મતલબ એ થયો કે હવે એક પોલિસી લેનાર પાસે પોતાની પોલિસી પરત કરવા માટે પહેલાં જે ૧૫ દિવસનો સમય હતો તે હવે વધીને




૩૦ દિવસ કરવાનો પ્રસ્તાવ રાખવામાં આવ્યો છે. હાલના પ્રસ્તાવ પર સામાન્યજનથી માંડીને વીમા કંપનીઓ સહીત બધા હિત ધારકોએ ૪ માર્ચ સુધી પોતાનો ફીડ બેક આપવો પડશે.

ઈરડાએ પોતાનો મુસદો નિયમન ૨૦૨૪ પ્રસ્તાવિત કર્યો છે.તેમાં કહેવામાં આવ્યુ છે કે, કોઈપણ માધ્યમથી પોલિસી લીધા બાદ ફ્રી-લુક સમય ગાળાને પોલિસી દસ્તાવેજની રસીદ ઈસ્યુ થવાથી ૩૦ દિવસ સુધી વધારવામાં આવે.

હાલમાં જીવન વીમા પોલિસી માટે આ સમયગાળો ૧૫ દિવસ છે. જોકે ઈલેકટ્રોનિકસ પોલિસી અને કોઈ ડીસ્ટેન્સ મોડથી લેવામાં આવેલ પોલિસી માટે ફ્રી-લુક સમયગાળા ૩૦ દિવસનો છે. વીમા નિયમોમાં અનિવાર્ય ફ્રી-લુક પીરિયડની જોગવાઈ પહેલાથી જ છે.

## સીધા કરવેરાની માફી યોજનામાં હવે વ્યાજ કે પેનલ્ટી નહીં વસુલાય

### બજેટ પ્રવચનમાં નાણાંમંત્રીએ જાહેર કરેલી માફી યોજનામાં કરદાતાઓ માટે વધુ લાભકારી નિયમો જાહેર

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

હાલમાં જ રજુ થયેલા કેન્દ્રીય બજેટમાં સીધા કરવેરાને રૂા. ૧૦ હજારથી રૂા.૨૫ હજાર સુધીની ડિમાન્ડ નોટીસ પાછી ખેંચવાની નાણામંત્રીએ કરેલી જાહેરાતમાં સરકારે હવે આ પ્રકારના લેણામાં વ્યાજ, પેનલ્ટી, ફી, સેસ કે અન્ય કોઇ સરચાર્જ માફ કરાશે તેવી સ્પષ્ટતા કરી છે જોકે આ પ્રકારની ડિમાન્ડ નોટીસમાં કોઇ ફોજદારી કે ગુનાહિત કાર્યવાહી થઇ હશે અથવા તો સીધા કરવેરા વિભાગ તે પ્રકારની કાર્યવાહી કરવા આગામી સમયમાં નિર્ણય લેશે તો તેમાં માફી મળશે નહીં.

ધ સેન્ટ્રલ બોર્ડ ઓફ ડાયરેક ટેકસીસ દ્વારા આ અંગે બજેટ જાહેરાત બાદ




જાહેર કરેલા નોટીફીકેશનમાં માફી યોજના અંગે નિયમોની જાહેરાત કરવામાં આવી છે. જેમાં એ પણ જણાવાયું છે કે જે ડિમાન્ડ નોટીસમાં માફીની રકમ હશે તેમાં ટીડીએસ કે ટીસીએસનો સમાવેશ કરવામાં આવ્યો નથી અને આ પ્રકારના નોટીસમાં કરદાતાને કોઇ ટેકસ ક્રેડીટ મળશે નહીં.

નાણામંત્રી સિતારામને જાહેર કર્યુ હતું કે અનેક પ્રકારના લીટીગેશન છેક ૧૯૬૨થી ચાલ્યા આવે છે અને તેમાં જે નાની રકમ અંગે નોટીસ છે તેની કાનુની પ્રક્રિયા સતત લાંબી હોવાથી સરકારે તેમાં રાહત આપવાનો નિર્ણય લીધો છે. આ સમગ્ર યોજના બેંગ્લોર સ્થિત ડીરેકટોરેટ ઓફ ઇન્કમ ટેકસ (સિસ્ટમ)ના સેન્ટ્રલાઇઝ પ્રોસેસીંગ સેન્ટર મારફત અમલમાં મુકાશે અને બે માસમાં તેનો અમલ થશે.

જેમાં વ્યકિતગત રીતે ગમે તેટલી નોટીસ હોય કરદાતાને એકંદર રૂા. એક લાખ સુધીની માફી રકમનો લાભ મળશે. નાણામંત્રીએ બજેટ પ્રવચનમાં ૨૦૦૯-૧૦ સુધીના રૂા. ૨૫ હજાર અને ૨૦૧૦-૧૧થી ૨૦૧૪-૧૫ સુધીના સમયગાળામાં રૂા. ૨૫ હજાર સુધીની સીધા કરવેરાની ડિમાન્ડ નોટીસ વેવ કરવા નિર્ણય લીધો છે અને તેનો લાભ આગામી સમયમાં મળશે.

## ગુજરાત બાદ હવે યુપીમાં પોલીસ ભરતી પરીક્ષાનું પેપર લીક થતાં ખળભળાટ

### શખ્સ જવાબ કોપી સાથે પકડાતા કરાઈ કાર્યવાહી


**મુખ્ય સમાચાર, મેનપુરી (ઉત્તર પ્રદેશ)**

ગુજરાત બાદ હવે ઉત્તર પ્રદેશના પોલીસ ભરતીની પરીક્ષાનું પેપર જવાબ સાથે લીક થઈ જતા મોટો હડકંપ મચ્યો છે.મેનપુરીમાં રવિવારે પોલીસ ભરતીને પેપર લીક થઈ ગયુ હતું.

શહેરના ડો.કિરન સૌજીયા એકેડેમીનાં બારેક લીમાંકેન્દ્ર વ્યવસ્થાઓ એક ઉમેદવારને સોલ્વ કોપી સાથે પકડી પાડયો હતો તેની પાસેથી બે કાગળ મળ્યા છે જેમાં પરીક્ષામાં આવેલા ૧૫૦ સવાલોમાં ક્રમવાર ૧૧૪ ના જવાબ લખેલા હતા.

ઘટના સ્થળે પોલીસ અધિકારી પહોંચી





ગયા હતા. ઉમેદવારની ધરપકડ કરી પૂછપરછ શરૂ કરી દેવાઈ છે.આ મામલે કેન્દ્ર વ્યવસ્થાપક દ્વારા પોલીસમાં ફરીયાદ થઈ છે. પકડાયેલ ઉમેદવારનું નામ રવિ પ્રકાશસિંહ જાહેર થયુ છે. ઉમેદવારનુ આ સોલ્વ પેપર ફોન પરથી મળ્યુ હોવાનો ખુલાસો થયો છે.

## અપહરણ કેસમાં બે આઈપીએસની ધરપકડ કરવા તજવીજ હાથ ધરાઈ

**મુખ્ય સમાચાર, અમદાવાદ**

ગુજરાત પોલીસમાં હાલ અનેક વિવાદો થઈ રહ્યા છે, તેમાં પણ પોલીસ કર્મચારીઓ અને હવે તો આઈપીએસ અધિકારી એવા ભાવના પટેલ અને જીવી બારોટ સામે પણ ફરિયાદ નોંધાઈ છે. તેવા સંજોગોમાં આ તપાસ કઈ દિશામાં જશે અને શું કાર્યવાહી થાય તે અંગે અનેક પ્રશ્નો ઊભા થયા છે, ત્યારે રાજ્યના પોલીસ વડા વિકાસ સહાય જણાવ્યું છે કે હાલ ઇન્કવાયરી ચાલી રહી છે. તેમજ સામાન્ય ફરિયાદમાં જે રીતે આરોપી હોય તે રીતે જ તેમની



સામે તપાસ કરવામાં આવી રહી છે અને જરૂર પડશે કાયદાકીય રીતે ધરપકડ પણ થઈ શકે છે. બીજી તરફ બે આઈપીએસ સહિત અન્ય પોલીસ કર્મચારીઓ સામે થયેલી ફરિયાદની તપાસ પણ હવે આગળ વધી રહી છે. ઘણા વર્ષો પછી ગુજરાતમાં કોઈ ઈડજ અધિકારીની ધરપકડ થશે.

ગુજરાતમાં થયેલા સોહરાબુદ્દીન એન્કાઉન્ટરની તપાસમાં ૨૦૦૬-૨૦૦૭માં ગુજરાત પોલીસના સંખ્યાબંધ પોલીસ કર્મચારીઓને અન્ય એજન્સી તેમજ ગુજરાત પોલીસે જ ધરપકડ કરી હતી. આ સમગ્ર ઇન્કવાયરી ચાલી રહી હતી ત્યારે પોલીસ સામે પોલીસ જ તપાસ કરી રહી હતી અને હાલ પણ ગુજરાતમાં આ પ્રકારની સ્થિતિ સર્જાઈ છે, આ વખતે સંખ્યાબંધ પોલીસ કર્મચારીઓ સામે પોલીસ ફરિયાદ નોંધાઈ છે. જેમાં જૂનાગઢનો કથિત તોડ કાંડ હોય કે તાજેતરમાં પરમાનંદ શિરવાણીના અપહરણ કેસ મામલે સુપ્રીમ કોર્ટના નિર્દેશ બાદ બે આઈપીએસ ભાવના પટેલ અને જીવી બારોટ સહિત અન્ય લોકો સામે પોલીસ ફરિયાદ નોંધાઈ છે. આ તમામ સામે પોલીસ જ ઇન્કવાયરી કરી રહી છે. તેમજ જોગાનું જોગ સોહરાબુદ્દીન એનકાઉન્ટર સમયે પણ સીઆઇડી ક્રાઇમ તપાસ કરતી હતી અને આ વખતે પણ બે આઈપીએસ અને અન્ય પોલીસ કર્મચારીઓ સામે સીઆઈડી ક્રાઈમ તપાસ કરી રહી છે.

બે આઇપીએસ અધિકારી અને અન્ય પોલીસ કર્મચારીઓ સામે નોંધાયેલી ફરિયાદ બાદ શું કાર્યવાહી થશે તે અંગે રાજ્યના પોલીસ વડા વિકાસ સહાયને પૂછ્યું ત્યારે તેમણે જણાવ્યું હતું કે હાલ આ પ્રકરણમાં ગુનો નોંધાયો છે અને ઇન્કવાયરી ચાલી રહી છે પુરાવા એકત્ર કરવામાં આવી રહ્યા છે. જેવી રીતે એક ફરિયાદમાં જે વ્યક્તિ સામે આરોપ હોય છે તે રીતે જ આ કેસમાં પણ જે પોલીસ કર્મચારીઓ સામે આરોપ છે તેવી રીતે જ તેમની સામે તપાસ કરવામાં આવી રહી છે અને જરૂર પડશે તપાસના કામે અથવા મહત્વના તબક્કે ધરપકડ પણ કરવામાં આવી શકે તેવી શકયતા છે.હાલ તપાસ ચાલી રહી છે.

## આર્થિક મોરચે વધુ એક સારા સમાચારઃ ભારતની ચાલુ ખાતાની ખોટ ઘટીને ૧%થી પણ ઓછી થઈ

### જાન્યુઆરીમાં ભારતનો મર્ચેંડાઈઝ ટ્રેડ ડેફિસિટ ૧૭.૫ બિલિયન ડોલર રહ્યો હતો

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

ભારતીના આર્થિક મોરચે વધુ એક રાહતના સમાચાર સામે આવ્યા છે. દેશની ચાલુ ખાતાની ખોટ ઘટવાની ધારણા છે. વેપારના મોરચે સુધારા અને ખાસ કરીને નિકાસમાં વધારો થતાં દેશને તેની ચાલુ ખાતાની ખોટ ઘટાડવામાં મદદ મળી રહી છે. આ કારણોસર અર્થશાસ્ત્રીઓનું અનુમાન છે કે ચાલુ નાણાકીય વર્ષમાં ભારતની ચાલુ ખાતાની ખોટ GDPના ૧%થી પણ ઓછી રહી શકે છે.

વર્તમાન નાણાંકીય વર્ષ દરમિયાન અત્યાર સુધીના ઉપલબ્ધ ડેટા પ્રમાણે દેશની વેપાર ખોટમાં ઘટાડો થયો છે. જાન્યુઆરીમાં ભારતનો મર્ચેંડાઈઝ ટ્રેડ ડેફિસિટ ૧૭.૫ બિલિયન ડોલર રહ્યો હતો. જે નવ મહિનામાં સૌથી ઓછો છે. આ પહેલા ડિસેમ્બર મહિનામાં ભારતનીમર્ચેંડાઈઝ ટ્રેડ ડેફિસિ ૧૯.૮ બિલિયન ડોલર રહ્યો હતો. સર્વિસ સેક્ટરે તેને ઘટાડવામાં સૌથી મહત્વપૂર્ણ યોગદાન



આપ્યું છે. સર્વિસ સેક્ટરની સરપ્લસ જાન્યુઆરીમાં વધીને ૧૬.૮ બિલિયન ડોલર પર પહોંચી ગયો.

ચાલુ નાણાકીય વર્ષ દરમિયાન માત્ર ફેબ્રુઆરી અને માર્ચના આંકડા જ જાહેર થવાના બાકી છે. એટલે કે શરૂઆતના ૧૦ મહિનાના આંકડા સ્પષ્ટ થઈ ચૂક્યા છે. એપ્રિલ ૨૦૨૩થી જાન્યુઆરી ૨૦૨૪ સુધીમાં દેશની વેપાર ખોટ ૨૦૬ બિલિયન ડોલર રહી છે. તે ગત નાણાકીય વર્ષના પ્રથમ ૧૦ મહિનામાં ૨૨૯ બિલિયન ડોલર રહી હતી. આ સમયગાળા દરમિયાન સર્વિસ સેક્ટરની શુદ્ધ નિકાસ એક વર્ષ પહેલા ૧૧૭ બિલિયન ડોલરથી વધીને ૧૩૮ બિલિયન ડોલર પર પહોંચી ગઈ છે.

વિદેશી રોકાણના મામલે પણ રાહત મળી રહી છે. ચાલુ નાણાકીય વર્ષમાં પ્રત્યક્ષ વિદેશી રોકાણ અને વિદેશી પોર્ટફોલિયો રોકાણ બંનેમાં વધારો થયો છે. સપ્ટેમ્બર ક્વાર્ટરમાં ભલે એફડીઆઈનો આઉટફ્લો નજર આવ્યો હતો પરંતુ ત્યારબાદ ડિસેમ્બર ક્વાર્ટર દરમિયાન ઓક્ટોબર અને નવેમ્બર મહિનામાં એફડીઆઈનો ઈનફ્લો સારો રહ્યો હતો. એફપીઆઈ પણ એકંદરે હકારાત્મક છે. જો કે વધુ વિદેશી રોકાણના સારા ડેટા રૂપિયાને થોડી જ મદદ મળી શકશે કારણ કે સેન્ટ્રલ બેંક આ તકનો લાભ લઈ ફોરેન એક્સચેન્જ રિઝર્વને મજબૂત બનાવવા પર ફોકસ કરી શકે છે જે ૯ ફેબ્રુઆરી સુધી ૬૧૭ બિલિયન ડોલર પર હતો. આ આંકડાના કારણે તમામ એક્સપર્ટ ચાલુ ખાતાની ખોટ નિયંત્રિત રહેવાનું અનુમાન લગાવી રહ્યા છે. ગોલ્ડમેન સૈશે જાન્યુઆરી મહિનામાં કહ્યું હતું કે, ભારતની ચાલુ ખાતાની ખોટ આ વર્ષમાં ઓછી રહેવાની આશા છે. એચડીએફસી બેન્કનું અનુમાન કેડ GDPના ૧%થી નીચે રહેવાનું અનુમાન છે.

## તાતા જૂથની માર્કેટ વેલ્યુ પાકિસ્તાનના આખા અર્થતંત્ર કરતા પણ વધારે

### પાકિસ્તાન પર ૧.૨૫ હજાર કરોડ ડોલરનું વિદેશી દેવું છે, મોંઘવારી પણ ચરમસીમાએ

**મુખ્ય સમાચાર, મુંબઈ**

તાતા જૂથની કંપનીઓ રોકાણકારોની સંપત્તિમાં વધારો કરી રહી છે. એક વર્ષમાં તાતા જૂથની માર્કેટ વેલ્યુ એટલી વધી ગઈ છે કે, પાકિસ્તાનના અર્થતંત્રને પાછળ છોડી દીધુ છે. ઈન્ટરનેશનલ મોનેટરી ફંડના રિપોર્ટ અનુસાર, પાકિસ્તાનનું અર્થતંત્ર લગભગ ૩.૪૧ હજાર કરોડ ડોલર છે, તો બીજી તરફ તાતા જૂથની માર્કેટ વેલ્યુ લગભગ ૩.૬૫ હજાર કરોડ ડોલર છે. રૂપિયા ૧૫ લાખ કરોડ એટલે કે ૧.૭૦ હજાર કરોડ ડોલરની માર્કેટ વેલ્યુ ધરાવતી તાતાની કંપની તાતા કન્સલ્ટન્સી સર્વિસિસનું કદ પાકિસ્તાનના અડધા અર્થતંત્ર જેટલું છે.

તાતા જૂથની અનલિસ્ટેડ કંપનીઓ જેમ કે, તાતા સન્સ, તાતા કેપિટલ, તાતા પ્લે, તાતા એડવાન્સ્ડ સિસ્ટમ્સ, એર ઈન્ડિયા




અને વિસ્તારાના એરલાઈન્સ બિઝનેસની ગણતરી કરવામાં આવે તો તાતા જૂથની માર્કેટ વેલ્યુમાં વધું ૧.૬૦-૧.૭૦ હજાર કરોડ ડોલરનો વધારો થશે.

પાકિસ્તાન ભારે આર્થિક સંકટ સામે ઝઝૂમી રહ્યું છે. પાકિસ્તાનની કુલ ઘરેલુ ઉત્પાદન નાણાકીય વર્ષ ૨૦૨૨માં ૬.૧ ટકા અને નાણાકીય વર્ષ ૨૦૨૧માં ૫.૮ ટકા વધારો થયો હતો, પરંતુ હવે નાણાકીય વર્ષ ૨૦૨૩માં તેમાં ઘટાડો થયો છે. પૂરના કારણે પાકિસ્તાનમાં અબજો ડોલરનું નુકસાન થયું હતું. પાકિસ્તાન પર ૧.૨૫ હજાર કરોડ ડોલરનું વિદેશી દેવું છે. જુલાઈથી ૨૫૦૦ કરોડ ડોલરના વિદેશી દેવું ચૂકવવાનો પ્રયાસ કરી રહ્યું છે અને IMF તરફથી તેનો ૩૦૦ કરોડનો કાર્યક્રમ પણ માર્ચમાં સમાપ્ત થઈ રહ્યો છે. પાકિસ્તાનનો વિદેશી મુદ્રા ભંડાર લગભગ ૮૦૦ કરોડ ડોલર છે.

તાતા જૂથની કંપનીઓની વાત કરીએ તો વધુ કંપનીના વેલ્યુમાં વધારો તાતા મોટર્સ અને ટ્રેન્ટ થકી થયો. આ ઉપરાંત ટીસીએસ, ટાઈટન અને તાતા પાવરના શેરમાં પણ એક વર્ષમાં નોંધપાત્ર વધારો થયો છે. તાજેતરમાં લિસ્ટેડ તાતા ટેક સહિત, તાતાની આઠ કંપનીઓ – તાતા ટેક, ટીઆરએફ, ટ્રેન્ટ, બનારસ હોટેલ્સ, તાતા ઈન્વેસ્ટમેન્ટ કોર્પોરેશન, તાતા મોટર્સ, ઓટોમોબાઈલ કોર્પોરેશન ઓફ ગોવા અને આર્ટસન એન્જિનિયરિંગે એક વર્ષમાં રોકાણકારોના પૈસા બમણા કરી દીધા છે.

# ભાણવડના માનપરમાં બે સપ્તાહ પૂર્વે થયેલ સોનાના વેઢલાની લૂંટના ગુન્હામાં ત્રણ આરોપીને દ્વારકા એલસીબીએ પકડી પાડ્યા

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર ભાણવડના માનપરમાં બે સપ્તાહ પૂર્વે થયેલી સોનાના વેઢલાની લૂંટના ગુન્હામાં ત્રણ આરોપીને દ્વારકા એલસીબીએ પકડી પાડ્યા છે. ચોથાનું નામ ખૂલ્યું છે. ચારેય આરોપી સંખ્યાબંધ ગુન્હામાં સંડોવાયેલા છે.

દ્વારકા જિલ્લાના ભાણવડ તાલુકાના માનપર ગામમાં ગઈ તા.૩૦ની રાત્રે સોનાના વેઢલાની લૂંટ થઈ હતી. તેની તપાસ શરૂ કરાઈ હતી. જેમાં એલસીબીને જોડાવા માટે એસપી નિતેશ પાંડેયે સૂચના આપી હતી.તેથી પીએસઆઈ બી.એમ. દેવમુરારી, કે.એલ. બારસીયાએ ઈન્ચાર્જ પીઆઈ પી.સી. સીંગરખીયાના વડપણ હેઠળ તપાસ આરંભી હતી. જેમાં જામનગર




તાલુકાના સિક્કા ગામનો જાવિદ ઈશા હુંદડા નામનો શખ્સ સંડોવાયો હોવાનું અને હાલમાં આ શખ્સ મહારાષ્ટ્રના માલેગાંવમાં જતો રહ્યો હોવાની વિગત બહાર આવી હતી. ઘરફોડ ચોરી, વાહનચોરીની આદતવાળા આ શખ્સની તપાસ માટે એલસીબી ટીમ માલેગાંવ પહોંચી હતી. ત્યાંથી આ શખ્સને દબોચી લઈ ખંભાળિયા ખસેડાયો હતો.તેની ઘનિષ્ઠ પૂછપરછમાં આ શખ્સે પોતાના સાગરીત ધારાગઢનો ઈરફાન ઓસમાણ શેઢા તથા હનીફ ઈબ્રાહીમ નાઈ ઉર્ફે ગનીના નામ ઓકી નાખ્યા હતા. ત્રણેયને એલસીબીએ પકડી લીધા છે. પીર લાખાસરના રહેવાસી અને ચોથા આરોપી નવાઝ જુમા ઠેથાની શોધખોળ શરૂ કરાઈ છે.

આ શખ્સોના કબજામાંથી રૂા.૪૦ હજારનો સોનાનો વેઢલો અને રૂા.૧૦ હજારના બે મોબાઈલ કબજે કરાયા છે. પકડાયેલા આરોપીમાંથી જાવિદ સામે મોરબી, ભચાઉ, રાજકોટ, ખંભાળિયા, જામનગર, કલ્યાણપુર, દ્વારકા, મીઠાપુર, વાડીનારમાં ડીઝલ ચોરી, ભંગાર ચોરી સહિતના ૧૯ ગુન્હા નોંધાયેલા છે, ઈરફાન સામે હત્યા તથા મારા મારીનો ગુન્હો અને હનીફ સામે ચોરી, દેશી દારૂ સહિતના ગુન્હા નોંધાયેલા છે. ચોથા આરોપી નવાઝ સામે પણ એક હત્યા, બે ઘરફોડ ચોરી, કેબલ ચોરીના ૧૭ ગુન્હા નોંધાયેલા છે.

# મોરબીના લાતીપ્લોટમાં આવેલ ઘડિયાળની ફ્રેમ બનાવતા કારખાનામાં લાગી ભીષણ આગઃ ફાયર બ્રિગેડે કાબુ મેળવ્યો





**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબીના લાતી પ્લોટ શેરી નં. ૬-૭ વચ્ચે આવેલ ઘડિયાળની ફ્રેમ બનાવવાના કારખાનાની બિલ્ડીંગના ત્રીજા માળે કલર શોપ વિભાગમાં ગઈકાલ મોડી સાંજે આગ લાગવાનો બનાવ બન્યો હતો. આગ લાગવાના બનાવની જાણ મોરબી ફાયર વિભાગને કરાતા ફાયર બ્રિગેડની ટીમ ઘટના સ્થળે પહોંચી આગ ઉપર કાબુ મેળવવા પ્રયાસ હાથ ધર્યા હતા.

મોરબી શહેરના ઔદ્યોગિક હબ સમા લાતી પ્લોટ વિસ્તારમાં આ લાગવાની ઘટના બનવા પામી હતી. જેમાં લાતી પ્લોટ શેરી નં.૬-૭ વચ્ચે વૈભવ ફટાકડા સામે આવેલ હિમાલયા ફ્રેમ્સ નામના કારખાનાના ત્રીજા માળે ભીષણ આગ લાગી હતી. ત્યારે તુરંત આજુબાજુમાંથી લોકોના ટોળા એકત્ર થઇ જતા કોઈએ મોરબી ફાયર વિભાગમાં જાણ કરતા ફાયર બ્રિગેડની ટીમે ઘટના સ્થળે આવી આગ ઉપર પાણીનો મારો ચલાવી આગ ઉપર કાબુ મેળવવા પ્રયાસો હાથ ધરેલ હતા ત્યારે મોરબી ફાયર વિભાગની ટીમ દ્વારા કલાકોની જહેમત બાદ આગ ઉપર કાબુ મેળવ્યો હતો. હાલ આ લાગવાના બનાવમાં લાખોના નુકસાનની આશંકા સેવાઈ રહી છે ત્યારે કારખાનાનું સર્વે થયા બાદ નુકસાનીનો ચોક્કસ આંકડો બહાર આવશે

હિમાલયા ફ્રેમ્સ કારખાનામાં ગઈકાલ મોડી સાંજે આશરે ૭.૩૦ વાગ્યા પછી આગ લાગવાનો બનાવ બન્યો હતો જયારે ૭ વાગ્યે કારખાનું બંધ થઇ જાય છે એટલે સદ્નસીબે કારખાનામાં કોઈ કર્મચારી કે બીજા કોઈ લોકો હાજર ન હોય જેથી જાનહાની થઇ નથી.


# જામનગરની એમ.પી.શાહ મેડિકલ કોલેજના નવા બિલ્ડિંગમાં સ્ટેબિલાઈઝરમાં બ્લાસ્ટ થતાં ભારે દોડધામ

**મુખ્ય સમાચાર, મોરબી**

જામનગરની એમ.પી.શાહ મેડિકલ કોલેજના નવા બિલ્ડિંગમાં બીજા માળે સ્ટેબિલાઈઝરમાં એકાએક બ્લાસ્ટ થઈ જતાં ભારે અફડા તફડીનો માહોલ સર્જાયો હતો, અને હોસ્પિટલ પરિસરમાં દોડધામ થઈ હતી.સ્ટેબિલાઇઝરની અંદર રહેલા કેપેસીટરમાં બ્લાસ્ટ થવાના કારણે આ ઘટના બની હતી, અને ધડાકો થવાથી સૌપ્રથમ મેડિકલ કોલેજના સિક્યુરિટી વિભાગ દોડતો. થયો હતો ત્યારબાદ જામનગર મહાનગરપાલિકાની ફાયર બ્રિગેડની ટુકડી પણ







ઘટના સ્થળે દોડી ગઈ હતી, અને જરૂરી કાર્યવાહી કરી હતી. બ્લાસ્ટના બનાવ સમયે કોઈ વ્યક્તિ હાજર ન હોવાથી સદભાગ્ય કોઈ જાનહાની થઈ ન હતી. સમગ્ર બનાવ મામલે હોસ્પિટલના તંત્ર દ્વારા તપાસના ચક્રો ગતિમાન કરાયા છે.

# જામનગર જિલ્લા રોજગાર કચેરીના દ્વારા કારકિર્દી માર્ગદર્શન સેમિનાર યોજાયો

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર જિલ્લા રોજગાર કચેરીના માર્ગદર્શન તળે અને જામનગર આઈ.ટી.આઈ. તેમજ સજુબા સરકારી ગર્લ્સ હાઈસ્કુલ- જામનગરના આચાર્યા ડો.બીનાબેન દવેના સંયુકત ઉપક્રમે કારકિર્દી અને વ્યાવસાયિક માર્ગદર્શન સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સેમિનારમાં જામનગર જિલ્લા રોજગાર કચેરીના કરિયર કાઉન્સેલર ધ્રુવરાજસિંહ જાડેજા દ્વારા ઉપસ્થિત સર્વેને જિલ્લા રોજગાર કચેરી દ્વારા





આપવામાં આવતી વિવિધ સેવાઓની માહિતી અને સંરક્ષણ દળમાં મહિલાઓના પ્રતિનિધિત્વ વિશેની જાણકારી અપાઈ હતી.તેમજ, તજજ્ઞ એમ.પી.જાદવ અને ડી.એમ. મકવાણા દ્વારા આઈ.ટી.આઈ. સંસ્થામાં એડમિશન વિશેની જાણકારી અને આઈ.ટી.આઈ. ખાતે અભ્યાસ કરાવવામાં આવતા વિવિધ કોર્સ વિશેની માહિતી પુરી પાડવામાં આવી હતી. આ કાર્યક્રમમાં સંસ્થાના શિક્ષક ગણ અને ૪૦૦ જેટલી વિદ્યાર્થીનીઓ ઉપસ્થિત રહી હતી. તેમ મદદનીશ રોજગાર નિયામક સરોજ સાંડપા, જામનગરની યાદીમાં જણાવવામાં આવ્યું છે.

# જામનગર એમ.પી.શાહ સરકારી મેડિકલ કોલેજ ખાતે સ્પોર્ટ્સ ફેલીસીટેશન ફીએસ્ટા ૨૦૨૪ ની ઉજવણી કરાઈ







**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર એમ.પી.શાહ સરકારી મેડીકલ કોલેજ ખાતે ડીન ડો.નંદની દેસાઈ તથા ફેકલ્ટી ડીન ડો.વિજય પોપટનાં માર્ગદર્શન હેઠળ સ્પોર્ટ્સ ફેલીસીટેશન ફીએસ્ટા ૨૦૨૪ કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ જેમાં સૌરાષ્ટ્ર યુનિવર્સીટી આયોજિત આંતર કોલેજ સ્પર્ધામાં ભાગ લઈ ઉત્કૃષ્ટ દેખાવ કરનાર મેડિકલ કોલેજના વિદ્યાર્થીઓને ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે સન્માનવામાં આવેલ.સૌરાષ્ટ્ર યુનિવર્સીટી આયોજિત આંતર કોલેજ સ્પર્ધામાં એમ.પી.શાહ મેડિકલ કોલેજ દ્વારા ૧૦ જેટલી વિવિધ ખેલ સ્પર્ધાઓમાં અંદાજે ૬૦ થી વધુ વિદ્યાર્થીઓએ ભાગ લઈ એક સુવર્ણ તથા પાંચ કાંસ્ય પદક મેળવેલ તથા ૭ વિદ્યાર્થીઓ આંતર યુનિવર્સીટી નેશનલ.માટે પસંદ થઈ રાષ્ટ્રીય કક્ષાએ શ્રેષ્ઠ પ્રદર્શન કરેલ, જે બદલ આ સૌ વિદ્યાર્થીઓનું સર્ટિફિકેટ તથા મોમેન્ટો આપી સન્માન કરવામાં આવેલ.વિદ્યાર્થીઓમાં રમત-ગમતનું મહત્વ વધે તથા તેઓનું શારીરિક તથા માનસિક સ્વાસ્થ્ય સુધરે તેવા પ્રયાસો સાથે આગળ વધવા ડીન તથા ફેકલ્ટી ડીન દ્વારા વિદ્યાર્થીઓને પ્રોત્સાહન આપવામાં આવેલ. તથા સાંસદ પુનમબેન માડમે પણ શુભેચ્છા સંદેશ મારફત વિદ્યાર્થીઓને અભીનંદન પાઠવેલ.

આ પ્રસંગે કરશન ધાવરી, અરવિંદ પુજારા, અઈડ કેતન પારેખ, જયપાલસિંહ જાડેજા, નરેન્દ્ર રાયઠઠા, સહદેવસિંહ ચુડાસમા, ચંદ્રશેખર બક્ષી, ચંદુભાઈ વાઘેલા, જય શુક્લા, નરેન્દ્ર, ભુપેન્દ્ર બકરાણીયા વગેરેની હાજરીમાં વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરાયેલ.

# મોરબી OSEM CBSE સ્કુલના દીપા શર્માને બેસ્ટ પ્રિન્સિપાલનો એવોર્ડ એનાયત કરાયો

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી ની સૌપ્રથમ CBSE સ્કુલ OSEM CBSE નાં પ્રિન્સિપાલ દીપા શર્મા મેડમ ને તાજેતર માં ૧૦ મી એજ્યુકેશન લીડરશીપ સમીટ-૨૦૨૪ માં બેસ્ટ પ્રિન્સિપાલ નો એવોર્ડ એનાયત કરવા માં આવ્યો છે. ARDOR COMM Media in association with Linked in દ્વારા આયોજીત આ સમિટ માં વિવિધ શૈક્ષણીક સંસ્થા ના પ્રિન્સિપાલે ભાગ લીધેલ હતો તેમાં જુરી દ્વારા મોરબી નાં પ્રિન્સિપાલ ની વિજેતા તરીકે પસંદગી કરવા માં આવી હતી. મોરબી OSEM CBSE સ્કુલ ના પ્રિન્સિપાલ દીપા શર્મા મેડમ ને ગુજરાત




સરકાર ના શિક્ષણ વિભાગ ના ટેકનિકલ એક્ઝામીનેશન બોર્ડ ના ચેરમેન ડો. વિનય એસ. પુરાણી ના વરદ્ હસ્તે એવોર્ડ એનાયત કરવા માં આવ્યો હતો. સમગ્ર મોરબી ના શિક્ષણ જગત ના ગૌરવ સમાન તેમની આ સિધ્ધિ બદલ મોરબી OSEM CBSE ના ટ્રસ્ટી સુમંતભાઈ પટેલ, સિધ્ધાર્થભાઈ રોકડ, સુર્યરાજસિંહ જેઠવા સહીતનાઓએ અભિનંદન સહ શુભકામનાઓ પાઠવી છે.

# મહેન્દ્રનગર ચોકડી પર બનતા ફ્લાય ઓવર પર વધારાની સુવિધા માટે રૂા. ૯.૦૦ કરોડના કામને મળી સૈદ્ધાંતિક મંજૂરી

**મુખ્ય સમાચાર, મોરબી**

નેશનલ હાઈવેથી હળવદ રોડ પર, મહેન્દ્રનગર ચોકડી પર, બની રહેલા ફ્લાય ઓવરમાં, જે તે વખતે વાહન વ્યવહાર માટે ૩૫ મીટરના ચાર ગાળા મંજૂર કરવામાં આવેલ હતા. જેતપર રોડ પર વધતા જતા ઔદ્યોગિકરણ અને ટ્રાફિકને ધ્યાનમાં લેતા વધારાના આવા ખુલ્લા અન્ય ચાર ગાળાની જરૂરિયાતને લક્ષમાં લેતા ધારાસભ્યશ્રીએ સરકારશ્રીમાં રજૂઆત કરેલ.

વાહન વ્યવહારની સરળતા માટે તથા



પાર્કિંગ સમસ્યા હળવી કરવા માટે સરકારશ્રી દ્વારા ૩૫ મીટરના વધારાના ચાર ગાળા બનાવવાના કામને સૈદ્ધાંતિક મંજૂરી મળેલ છે. જેથી હવે ૩૫ મીટરના કુલ આઠ ગાળા ખુલ્લા રહેશે.

આ માટે બનેલી નવી ડિઝાઈનના ફ્લાય ઓવરના ખર્ચમાં ₹ ૯.૦૦ કરોડનો વધારાનો આર્થિક બોજ પડે છે અને આ કામ માર્ચ ૨૦૨૫ માં પૂર્ણ થશે, એટલા પૂરતી પ્રજાને હાલાકી પડશે.પરંતુ આવા ફ્લાય ઓવર વારંવાર બનતા નથી અને આવી સુવિધા પાછળથી ઉપલબ્ધ થઈ શકે નહીં, એટલે લાંબા ગાળાના હિતને ધ્યાનમાં લેતા થોડા સમય માટે આ તકલીફ સહન કરવા મોરબીની જનતા પાસે સહકાર ઈચ્છીએ છીએ.

# ઘરેથી ભૂલા પડેલ વૃદ્ધ મહિલાનું ગણતરીની કલાકોમાં પરિવાર સાથે મિલન કરાવતું સખી વન સ્ટોપ સેન્ટર જામનગર

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરના એક જાગૃત નાગરિકે ૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઇનને શારીરિક અસ્વસ્થ મહિલા જામનગરના સેનાનગર વિસ્તારમાંથી મળી આવ્યા અંગેની જાણ કરેલ જેથી ૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઇન મહિલાની સુરક્ષા અને સલામતીને ધ્યાને રાખી જામનગર સખી વન સ્ટોપ સેન્ટર ખાતે એ મહિલાને લઇ આવેલ.સેન્ટરના કર્મચારીઓ દ્વારા માનસિક અને શારીરિક અસ્વસ્થ મહિલાનું કાઉન્સેલિંગ કરતા જાણવા મળેલ કે મહિલા માનસિક રીતે થોડા અસ્વસ્થ હોઈ યોગ્ય પ્રતિસાદ આપી શકતા નથી. જેથી કેન્દ્ર સંચાલક દ્વારા મહિલાને માનસિક સાંત્વના આપતા વૃદ્ધ મહિલાએ પોતા વિશેની જાણકારી આપી હતી જેમાં તેઓએ જણાવ્યું હતુ કે તેઓના પતિ વર્ષ ૨૦૦૦માં મૃત્યુ પામ્યા છે તેમજ તેઓ નિઃસંતાન છે જેથી સેન્ટર દ્વારા મહિલાના પિયર અને સાસરી પક્ષના સભ્યો વિશે જાણવા પ્રયાસ કરેલ



ત્યારે બહેને તેમના સગા વહાલાના નામ જણાવેલ. બહેન લોહાણા સમાજના હોય કેન્દ્ર સંચાલક હેતલબેન અમેથીયાએ લોહાણા સમાજના અગ્રણી જીતુલાલ અને તેમના પી.એ.નો સંપર્ક કર્યો અને બહેનનો ફોટો તથા પરિવારના સભ્યો અંગેની માહિતી મોકલાવી. લોહાણા સમાજના અગ્રણી દ્વારા બહેનની માહિતી તેઓના સામાજીક ગૃપમાં મોકલવામાં આવતા આ માહિતી મહિલાના ભાઈ રમણીકભાઈ ગણાત્રા સુધી પહોંચતા તેઓએ રાત્રીના સમયે તાત્કાલિક સખી વન સ્ટોપ સેન્ટરનો સંપર્ક સાધી પરિવારજનો સાથે મહિલાને લેવા સેન્ટર પર આવેલ. આમ,જામનગર સખી વન સ્ટોપ સેન્ટરના સતત પ્રયાસોથી ગણતરીની કલાકોમાં મહિલાનું તેના પરિવાર સાથે પુનઃમિલન થતા મહિલાના પરિવારજનોએ જામનગર સખી વન સ્ટોપ સેન્ટરના કેન્દ્ર સંચાલક તેમજ તમામ કર્મચારીઓનો હદયપૂર્વક આભાર વ્યકત કરેલ.

# જામ્યુકોનું રૂા.૧૩૬૮.૭૦ કરોડનું બજેટ મંજુર

## જનરલ બોર્ડની ખાસ બજેટ બેઠક મેયર વિનોદભાઈ ખીમસૂર્યાના અધ્યક્ષસ્થાને મળી

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર મહાનગરપાલિકાનું બજેટ સ્ટે. કમિટીના ચેરમેન નિલેશ કગથરાએ જનરલ બોર્ડમાં રજૂ કર્યું હતું, રુા. ૧૩૬૮.૭૦ કરોડના બજેટમાં ઉઘડતી પુરાંત ૩૬૫.૧૬ કરોડ, અંદાજીત આવક રુા. ૧૧૮૭.૪૦ કરોડ કુલ ૧૫૫૨.૫૬ કરોડ, વર્ષ દરમ્યાન ખર્ચ રુા. ૧૩૬૮.૭૦ કરોડ અને બંધ પુરાંત ૧૮૩.૮૬ કરોડ દર્શાવવામાં આવી છે, આ બજેટમાં ચેરમેન નિલેષ કગથરાએ જણાવ્યું હતું કે, ત્રીજું સ્મશાન, નવુ અદ્યતન સ્પોર્ટસ કોમ્પલેક્ષ, નેકલેસ રોડ, ટાગોર હોલ, રણમલ તળાવ ભાગ-૨, રાત્રિ બજાર, સુભાષ માર્કેટ, ૫૦ ઇલેક્ટ્રીક બસ, રીવરફ્રન્ટ, સાયન્સ સીટી ભવન, રસ્તા પર પેવર રોડ સહિતના રુા. ૯૧૯ કરોડના કામો કરાશે તેવી કરી જાહેરાત કરીને આ બજેટ વિકાસલક્ષી તેવી છાપ ઉભી કરી છે. વિરોધ પક્ષે આ બજેટમાં કેટલાક કામો જુના છે અને અગાઉ જાહેરાત કરી છે, તે રીપીટ કરવામાં આવ્યા છે તેવો આક્ષેપ પણ કર્યો હતો, ખાસ કરીને ૨૦૨૪-૨૫ ના અંદાજપત્રમાં કરદર અને ચાર્જીસમાં કોઇપણ જાતનો વધારો કરવામાં આવ્યો નથી, એટલું જ નહીં તા. ૧૫/૦૨/૨૦૨૪ થી ૩૧/૦૩/૨૦૨૪ સુધી બાકી રહેલી રકમ હપ્તામાં ભારે તો પણ વ્યાજમાં રાહત આપવાની જાહેરાત કરી છે, જ્યારે એન.ટી. ૬ કેટેગરીમાં આવતી ધાર્મિક સંસ્થાઓને જનરલ ટેકસમાંથી માફી આપવામાં આવી છે.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે, ખીજડીયા ફીલ્ટર પ્લાન્ટથી ફોરેસ્ટ ઓફીસ તથા ખીજડીયા ફીલ્ટર પ્લાન્ટથી ઠેબા ચોકડી સુધી ૭૦૦ એમ.એમ.



ડીઆઇ મુખ્ય પાઇપ લાઇન રુા. ૨૯.૮૨ કરોડના ખર્ચે કરવા અંગેનું આયોજન કરવામાં આવેલ છે, શહેરના જુદા જુદા બાકી રહેલ તથા નવા ડેવલપ થઇ રહેલા વિસ્તારોમાં ૧૦૦ એમ.એમ. થી ૫૦૦ એમ.એમ. ડાયાની ડી.આઇ. પાઇપ લાઇન ડીસ્ટ્રીબ્યુશન નેટવર્ક વિથ રોડ સર્ફેસીંગના કામ રૂા. ૨૩.૮૪ કરોડના ખર્ચે આયોજન કરવામાં આવેલ છે.ઉંડ-૧ ડેમ ખાતે ઇન્ટેક વેલ તથા પમ્પીંગ મશીનરી તેમજ ઇલેક્ટ્રો મીકેનીકલના કામ રૂા. ૧૦.૯૧ કરોડના ખર્ચે, શંકર ટેકરી તથા સમર્પણ ઇ.એસ.આર. ખાતે જુના જર્જરીત સમ્પ ડીસ્મેન્ટલ કરી નવા સમ્પ, પંપ હાઉસ તથા કલોરીન રૂમ સહિતનું કેમ્પસ ડેવલોપમેન્ટ કરવાનું કામ રૂા. ૪ કરોડના ખર્ચે આયોજન કરવામાં આવેલ છે.

સમર્પણ જંકશન સર્કલ પાસે રૂા. ૬૫ કરોડના ખર્ચે તથા ઠેબા ચોકડી પાસે રૂા. ૬૦ કરોડના ખર્ચે ફલાય ઓવર બ્રીજ બનાવવા, રંગમતી-નાગમતી નદી મુળ પહોળાઇ મુજબની હાલે રહેલ નથી અને ગેરકાયદેસર રીતે નદી બુરવાની કાર્યવાહી ચાલુ હોય તે તાત્કાલીક અસરથી બંધ કરાવવી તેમજ નદીની મુળ ઓળખ જળવાઇ રહે તે મુજબ રીવફ્રન્ટ બનાવવા અંગે કુલ રુા. ૬૦૦ કરોડના પ્રોજેકટ અન્વયે પ્રતિ વર્ષ રકમની ફાળવણી મુજબ કામગીરી હાથ ધરવામાં આવશે. જેથી નદીમાં ઠલવાતા ગંદા પાણીનું શુધ્ધિકરણ સહિત નદીને ચેનલાઇઝ કરી પાણીના ફલોને રેગ્યુલાઇઝ કરવામાં આવશે.વોર્ડ નં.૫ માં પાયલોટ બંગલાથી પંચવટી માનસરોવર એપાર્ટમેન્ટ સુધીના રસ્તાને આશરે ૨ કી.મી. લંબાઇના માર્ગને ગૌરવપથ તરીકે ડેવલોપ કરવાનું કામ રૂા. ૧૫.૨૨ કરોડના ખર્ચે કરવામાં આવનાર છે. આ ઉપરાંત (૧) પાયલોટ બંગલાથી જીલ્લા કલેકટર ઓફીસ સુધી (૨) સાત રસ્તા સર્કલથી સુમેર કલર રોડ (૩) પવનચકકીથી ગ્રીન સીટી (૪) ગ્રીન સીટીથી લાલપુર બાયપાસ વિ. ગૌરવપથ તરીકે ડેવલોપ કરવા અંગેની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.શહેરમાં કોન્ટ્રીબ્યુશન લેન્ડ તરીકે મળેલ જગ્યામાં મલ્ટીપર્પઝ ઓડીટોરીયમ બનાવવા અંગે પ્લાનીંગ અને ડીપીઆર તૈયાર કરવામાં આવેલ છે. જે અન્વયે અંદાજીત ખર્ચ રૂા. ૧૫ કરોડ થવા જશે, કાલાવડ રોડ તથા લાલપુર રોડ ઉપર બે નવા ફાયર સ્ટેશનો બનાવવા અંગેના કામનું રૂા. ૬ કરોડના ખર્ચે આયોજન કરવામાં આવેલ છે, ખંભાળીયા રોડ તથા લાલપુર રોડ ખાતે બે નવા સીવીક સેન્ટર બનાવવા અંગેના કામનું રૂા. ૪ કરોડના ખર્ચે, શહેરની રાજાશાહી વખતની સુભાષ શાક માર્કેટ ખુબ જ જર્જરીત થઇ ગયેલ હોય, તેની જગ્યાએ મલ્ટી સ્ટોરેજ શાક માર્કેટ / પે એન્ડ પાર્ક બનાવવા અંગેનું આયોજન કરવામાં આવેલ છે.

જામનગર શહેરમાં હાલે ૩ (ત્રણ) કેટલ પોન્ડ (ઢોર ડબ્બો) હૈયાત છે. તેમાં વધારાના ૨ (બે) કેટલ પોન્ડ (ઢોર ડબ્બો), વિશાલ હોટલ પાછળ અંદાજે ૨૨,૦૦૦ ચો.મી. જગ્યામાં સ્પોર્ટસ કોમ્પલેક્ષ ડેવલોપ કરવા, હાપા વિસ્તારમાં ફાયનલ પ્લોટ નં. ૬૨ વાળી જગ્યામાં ક્રિકેટ ગ્રાઉન્ડ ડેવલોપ કરવાનું કામ રુા. ૫ કરોડના ખર્ચે, ત્રીજા સ્મશાન માટે લાલપુર રોડ ઉપર બનાવવા અંગેની કામગીરી તાત્કાલીક હાથ ધરવામાં આવશે.જામનગર શહેરના બેડી મરીન પોલીસ ચોકી થી વાલસુરા નેવી થઈ રોઝી / બેડી પોર્ટ સુધીના દરીયાઈ વિસ્તારમાં જતા રોડને નેકલેસ રોડ તરીકે ડેવલપ કરવા માટેનું આયોજન કરવામાં આવેલ છે, જામનગર શહેમાં ૭૮-૭૯ એમ બન્ને વિધાનસભા મત વિસ્તારમાં ૧-૧ એમ કુલ બે ડીઝીટલ લાઈબ્રેરી તથા યોગ સ્ટુડીયો બનાવવાનું આયોજન કરવામાં આવેલ છે. સદરહું કામોના ડી.પી.આર. બનેલ છે અને ડ્રાફ્ટ ટેન્ડર પેપરની કાર્યવાહી ચાલુ છે.

શહેરના અલગ-અલગ માર્ગોને સેન્ટ્રલ લાઇટીંગ અંગેનું આયોજન કરવામાં આવેલ છે, મહાનગરપાલિકાની પાવર જરૂરીયાત અન્વયે ગ્રીન એનર્જીને પ્રોત્સાહન રૂપે આગામી સાલે વધુ ૫ મેગા વોટ પાવરને મેળવવાનું આયોજન કરવામાં આવેલ છે. તેમજ મહાનગરપાલિકાના અલગ-અલગ ગાર્ડનોમાં જરૂરીયાત મુજબ સોલાર ટ્રી લગાડવાનું આયોજન કરવામાં આવેલ છે.ગંદા વપરાશી પાણીના વૈજ્ઞાનિક ઢબે નિકાલ અન્વયે નવાગામ ઘેડ સ્થિત એસટીપી પ્લાન્ટથી સીકકા ખાવડી સુધી પાઇપ લાઇન, સ્ટોરેજ સમ્પ તથા પમ્પીંગ સ્ટેશન બનાવવા અંગેનું આયોજન તેમજ નવા ભળેલા વિસ્તારો પૈકી બાકી રહેતા વિસ્તારો કે જેમાં ભુગર્ભ ગટર કાર્યરત નથી ત્યાં ભુગર્ભ ગટર નેટવર્ક બનાવવાનું કામ તથા સલગ્ન પમ્પીંગ સ્ટેશન અને એસ.ટી.પી. પ્લાન્ટ બનાવવાનું કામ અંદાજીત રૂા. ૧૧૦ કરોડના ખર્ચે આયોજન કરવામાં આવેલ છે.

સોલીડ વેસ્ટ શાખા હસ્તક લેન્ડ ફીલ સાઇટ, કમ્પોસ્ટ પ્લાન્ટ, બાયોગેસ પ્લાન્ટ, રોડ સ્વીપર મશીન, ડેડ એનીમલના સાઇન્ટીફીક નિકાલ અંગે તેમજ રખડતા કુતરાઓ અંગે એનીમલ બર્થ કન્ટ્રોલ અંતર્ગત ઇન્ફ્રાસ્ટ્રકચર ફેસેલીટી, સ્ટરીલાઇઝેશન તથા વેકશીનેશન, અમૃત ૨.૦ યોજના અંતર્ગત ગાર્ડન રીઝર્વ પ્લોટ જામનગર રાજકોટ હાઇવે હોન્ડા શોરૂમ પાસે.

# રાજકોટમાં બનશે ૧૮૦ કરોડના ખર્ચે બનશે આઈકોનીક બ્રીજઃસ્ટેન્ડિંગ સમક્ષ દરખાસ્ત મૂકાઈ

## જાહેરમાં કચરો ફેક્વા બદલ તેમજ કચરાપેટી ન રાખવા સબબ હવે મનપા વસૂલશે તોતિંગ દંડ

**મુખ્ય સમાચાર રાજકોટ**

આવતીકાલે રાજકોટ મનપાની સ્ટેન્ડિંગ કમિટીની બેઠક મળશે જેમાં અનેક મહત્વની દરખાસ્તો તંત્ર દવારા મૂકવામાં આવી છે. ખાસ કરીને રાજ્ય સરકાર દવારા રાજકોટ સહિતના શહેરોમાં આઈકોનીક બ્રીજ બનાવવાની દરખાસ્ત મુખ્ય છે. આ બ્રીજ માટે અંદાજીત ૧૮૦ કરોડનો ખર્ચ થનાર છે. આ સીવાય શહેરમાં અન્ય બ્રીજ બનવાની દરખાસ્ત પણ મૂકવામાં આવી છે. શહેરમાં આઈકોનીક બ્રીજ પ્રદયુમન પાર્કથી રાંદેરડા લેક ઉપર બનશે આવતીકાલે જે દરખાસ્ત મૂકાઈ છે તેમાં હોટલો, કોન્યુનિટી હોલ તેમજ અન્ય વ્યવસાય સ્થળો પર જો કચરાપેટી નહિં રાખવામાં આવે તેમજ હોસ્પિટલો તેમજ લેબોરેટરી દવારા જે બાયોવેસ્ટ મેડિકલ ઠાલવવામાં આવે છે. તેના વિરૂધ્ધ કડક કાર્યવાહી કરવાનું સૂચન દરખાસ્તમાં કરાયું છે.

આ દંડની રકમ એક હજાર રૂપિયાથી માંગીને રૂ.૨૫ હજાર સુધીની કરવાની દરખાસ્ત મૂકાય છે. આવતીકાલે મળનારી આ મહત્વની સ્ટેન્ડિંગમાં ચેરમેન જયમીન ઠાકરના અધ્યક્ષસ્થાને નિર્ણય લેવાશે

# વડાપ્રધાનના કાર્યક્રમ સંદર્ભે મનપાના પદાધિકારીઓ તેમજ મ્યુ.કમિશનર દ્વારા માર્ગનું કરાયું નિરીક્ષણ



(તસ્વીરઃ આનંદ જાવિયા)

આગામી તારીખ ૨૫ ના વડાપ્રધાન નરેન્દ્ર મોદી એક દિવસના રાજકોટના પ્રવાસે આવનાર છે. તે દરમિયાન તેઓના હસ્તે શહેરના અનેક પ્રકલ્પોનું લોકાર્પણ તેમજ ખાતમૂહર્ત થનાર છે આ સંદર્ભે આજે મનપાના પદાધિકારીઓ, ભાજપના હોદેદારો તેમજ મ્યુ.કમિશનર આનંદ પટેલ દ્વારા રેસકોર્સ મેદાન ખાતે તેમજ એરપોર્ટ રોડ પર ચેકિંગ હાથ ધરાયું હતું. તંત્ર દવારા જરૂરી સુધારાવધારા કરવા અધિકારીઓ તેમજ કર્મચારીઓને સુચના આપવામાં આવી હતી.

# કોંગ્રેસના વશરામ સાગઠીયા અને કોમલબેન ભારાઈની કાનૂની જંગમાં જીત

## કોર્પોરેટર પદ પાછુ મળ્યુંઃ કોંગ્રેસના બંને નગરસેવકોને ગેરલાયક ઠરાવવાનો આદેશ રદ કરતી હાઈકોર્ટ

**મુખ્ય સમાચાર, રાજકોટ**



(તસ્વીરઃ આનંદ જાવિયા)

રાજકોટ મહાપાલિકામાં કુલ ૭૨ કોર્પોરેટરો પૈકી સામાન્ય ચૂંટણીમાં ચૂંટાયેલા કોંગ્રેસના ૪ પૈકીના બે કોર્પોરેટરોનું પદ પક્ષાંતર ધારા હેઠળ રદ થયા બાદ હાઇકોર્ટમાં ચાલેલા કાનુની જંગના અંતે કોંગી નગરસેવક વશરામભાઇ સાગઠીયા અને કોમલબેન ભારાઇને ફરી કોર્પોરેટર પદે કાર્યરત કરવાનું માર્ગદર્શન વડી અદાલતમાંથી આવી ગયું છે. હવે મનપામાં કોંગ્રેસના ૪ કોર્પોરેટરો કાર્યરત થશે તેવું પક્ષે જાહેર કર્યુ છે.

ગત વિધાનસભાની ચૂંટણી પૂર્વે ઓકટોબર-૨૦૨૦માં પૂર્વ વિપક્ષી નેતા અને વોર્ડ નં.૧૫ના કોર્પોરેટર વશરામભાઇ સાગઠીયા તથા તેમની સાથે કોમલબેન ભારાઇએ પાર્ટીમાંથી રાજીનામુ આપી દીધુ હતું. વશરામભાઇ સાગઠીયાએ આમ આદમી પાર્ટીનો હાથ પકડયો હતો અને તેઓ રાજકોટ ગ્રામ્યમાંથી વિધાનસભાની ચૂંટણી પણ લડયા હતા. જોકે ચૂંટણીમાં તેમનો પરાજય થયો હતો. બીજી તરફ ખુદ કોંગ્રેસે પક્ષાંતર ધારા હેઠળ પોતાના બંને કોર્પોરેટરો સામે શહેરી વિકાસ વિભાગમાં ફરીયાદ કરી હતી.

તારીખો અને લાંબી દલીલો બાદ વિભાગે બંને કોર્પોરેટરોનું સભ્યપદ રદ જાહેર કર્યુ હતું. આથી વશરામભાઇએ સરકાર સામે હાઇકોર્ટમાં સ્પે. પીટીશન દાખલ કરી લડત ચાલુ રાખી હતી.

તાજેતરમાં ફરી વશરામભાઇ સાગઠીયા ફરી કોંગ્રેસમાં જોડાઇ ગયા હતા. પરંતુ તેમની પાસે કોર્પોરેટર પદ ન હતું થોડા મહિના પહેલા આ ખાલી બેઠકોની પેટા ચૂંટણીની વાત પણ જાહેર થઇ હતી. પરંતુ કાનુની વિવાદના કારણે આ ચૂંટણીની પ્રક્રિયા પડતી મુકવામાં આવી હતી. હવે ગઇકાલે હાઇકોર્ટે વશરામભાઇ સાગઠીયા અને કોમલબેન ભારાઇને કોંગ્રેસ પક્ષના કોર્પોરેટર તરીકે ફરી પ્રવૃત કરવાનું માર્ગદર્શન મોકલ્યું છે આથી હવે મહાપાલિકામાં ફરી કોંગ્રેસનું સંખ્યાબળ ૪ પર પહોંચી ગયું છે.

લોકસભાની ચૂંટણી પૂર્વે હવે કોર્પોરેશનમાં ભાજપના ૬૮ અને કોંગ્રેસના ૪ કોર્પોરેટરો થયા છે. મનપામાં ભાજપની જંગી બહુમતીને કોઇ ફર્ક પડવાનો નથી. પરંતુ કોંગ્રેસનું સંખ્યાબળ અને નેતાઓની સક્રિયતા વધી જશે. તાજેતરમાં શહેર પ્રમુખ તરીકે અતુલ રાજાણીની નિમણુંક થઇ હતી. તેના થોડા દિવસોમાં જ મહાપાલિકામાં કોંગ્રેસને ફરી નવુ બળ મળે તેવી ધારણા છે.

# ચારણ-ગઢવી સમાજ વિરૂધ્ધ અયોગ્ય ભાષાનો ઉપયોગ કરનાર ગીગાભાઈ ભમ્મરના વિરુદધમાં આવેદન

## સમસ્ત રાજકોટ આહીર સમાજ ચારણ ગઢવી સમાજના સમર્થનમાં છેઃ ગીગાભાઈ વિરૂધ્ધ પગલા લઈ ધરપકડ કરો

**મુખ્ય સમાચાર રાજકોટ**



(તસ્વીરઃ આનંદ જાવિયા)

થોડા દિવસ પહેલા તળજા ખાતે આહીર સમાજના એક કાર્યક્રમમાં ગીગાભાઈ ભમ્મર નામના વ્યક્તિ દ્વારા ચારણ ગઢવી સમાજ વિરૂધ્ધ તેમજ આઈ માં જગદંબા થી સોનલઆઈ અને માતાજીઓ વિરૂધ્ધ ઝેર ઓક્યું હતું અને અયોગ્ય છે. રાજકોટ આહીર સમાજ ચારણ ગઢવી સમાજની સાથે છે એમના સમર્થનમાં છે. અને ચારણ ગઢવી સમાજને તેમજ આહીર સમાજને યુગો યુગના મામા-ભાણેજના સંબંધો છે. આ સંબંધોમાં આ બંને સમાજમાં તિરાડ પડે અને વૈમનસ્ય સર્જાય એવું કાર્ય ગીગાભાઈ નામના વ્યક્તિ એ કર્યું છે. જેનાથી રાજકોટ આહીર સમાજ આ વ્યક્તિના નિવેદનનો તેના ભાષણ નો અને ચારણ સમાજ વિરૂધ્ધ જે શબ્દપ્રયોગ કર્યો છે. એનો ખુલ્લો વિરોધ નોંધાવે છે. ચારણ ગઢવી સમાને અમો અપિલ કરીએ છીએ આવા છીંછરા માણસો જે છીંછરી માનસિક્તા ધરાવે છે. જે ચારણ સમાજ નહીં આહીર સમાજ ના પણ વિરોધી છે. તો આવા લોકોને આહીર સમાજ ક્યારેય સ્વીકારે જ નહીં. ચારણ ગઢવી સમાજે આહીર સમાજને હંમેશા મામાનું બિરૂદ આપ્યું છે. આહીરોના ઈતિહાસનો ઈતિહાસના પાના પર જીવંત રાખ્યા છે. માન, મોભો પ્રતિષ્ઠા અપાવ્યા છે. ચારણ ગઢવી સમાજ અમારા માટે પવિત્ર અને પુજનિય સમાજ છે. એમનું કાયમ અમારા હૃદયમાં સ્થાન છે અને આદર છે, આહીર ના એક વ્યક્તિના લીધે સમસ્ત આહીર સમાજ સ્તબ્ધ છે. દુઃખી છે. ચારણ ગઢવી સમાજને અપીલ કરીએ છીએ કે એક આવી નકારાત્મક માનસિક્તા ધરાવતા માણસના લીધે બંને સમાજ વચ્ચે નો યુગો યુગનો સંબંધ ને ક્યાંય ઉની આંચ ના આવે અને આ મામા ભાણેજના સંબંધ અજરા અમર રહે એવી માં ભગવતી આઈ સોનલ આઈમાં ના ચરણોં માં રાજકોટ આહીર સમાજ દવારા પ્રાર્થના કરીએ છીએ.

### દુઃખદ અવસાન-ઉઠમણું



મૂળ વેરાવળ નિવાસી કંચનબેન નાનાલાલ મકવાણા (ઉ.વ.૮૬) તે સ્વ.નાનાલાલ હકમીચંદભાઈ મકવાણાના પત્ની જગદીશભાઈ, કિશોરભાઈના માતા, યાજ્ઞિકભાઈ અને ચિરાગભાઈના દાદીમાં અને સ્વ.ચંપકભાઈ અને નટવરલાલના ભાભીનું તા.૧૯ના રોજ દુઃખદ અવસાન થયેલું છે. સદ્દગતનું ઉઠમણું તા.૨૨/૪/૨૪ને ગુરુવારે સાંજે ૪થી ૬ વચ્ચે ક્રિષ્ના એપાર્ટમેન્ટ, મનહર પ્લોટ-૯ અ, મંગળા રોડ, રાજકોટ ખાતે રહેલું છે.

# અસામાજિક તત્વોનો આતંકઃ જસદણમાં શરમાળીયા દાદા મંદિરના પ્રૌઢ સાધુ પર મોડી રાત્રીના શખ્સોએ જીવલેણ હુમલો કર્યો

## મંદિરમાં સીસીટીવી કેમેરા ન હોવાથી હુમલાખોરોને મોકળું મેદાન મળી ગયુંઃ ઈજાગ્રસ્ત સાધુને લોહીલુહાણ હાલતમાં જસદણની સરકારી હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા

**મુખ્ય સમાચાર, બિજલ ભેસજાળિયા**



**જસદણઃ** જસદણમાં જુના બસ સ્ટેશન નજીક આવેલ શરમાળીયા દાદા મંદિરના પ્રૌઢ સાધુ પર મોડી રાત્રીના સમયે કોઈ અજાણ્યા અસામાજિક તત્વો દ્વારા જીવલેણ હુમલો કરવામાં આવ્યો હોવાની ઘટના સામે આવતા સાધુ સમાજ અને હિન્દુ સંગઠનોમાં ભારે રોષ ફાટી નીકળ્યો હતો. આ ઘટનામાં મંદિરના સાધુને અસામાજિક તત્વો દ્વારા ઢોરમાર માર મારવામાં આવ્યો હતો અને મંદિરમાં ઢસડી ગંભીર ઈજાઓ પહોંચાડવામાં આવી હતી. આ હુમલામાં મંદિરના સાધુને ઢોરમાર મારવામાં આવતા લોહી લુહાણ હાલતમાં સારવાર અર્થે જસદણની સરકારી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. સવારે આ ઘટનાની જાણ થતા સાધુ સમાજ સહિતના હિન્દુ સંગઠનો મંદિર ખાતે દોડી ગયા હતા અને હુમલાખોરોને પકડી પાડી આકરી સજા કરવામાં આવે તેવી માંગ સાથે ભારે રોષ વ્યક્ત કર્યો હતો. આ ઘટનાના પગલે ભક્તજનો અને સેવકોના ટોળેટોળા ઘટના સ્થળે એકઠા થઈ ગયા હતા અને અજાણ્યા અસામાજિક તત્વો સામે રોષ ઠાલવ્યો હતો. બાદમાં આ ઘટના અંગે જસદણ પોલીસ મથકમાં જાણ કરાતા પોલીસ દ્વારા આગળની તપાસ હાથ ધરવામાં આવી હતી. જો કે આ હુમલાના બનાવમાં ક્યાં કારણોસર સાધુ પર જીવલેણ હુમલો કરવામાં આવ્યો હતો તેનું સ્પષ્ટ કારણ હજી સુધી બહાર આવ્યું નથી.

અસામાજિક તત્વોએ મંદિરના સાધુને મોઢા પર પથ્થરના ઘા મારી ઢસડ્યા પણ હતાઃ મનુબાપુ-સાધુ,જસદણ.

શરમાળીયા દાદા મંદિરના બાપુની ઉંમર અંદાજે ૧૦૦ વર્ષ કરતા વધુ છે. તેમને ગત રાત્રીના કોઈ આવારા તત્વોએ ઢોરમાર માર્યો છે. બાપુનું એવું કહેવું છે કે તે લોકોએ તેમને મોઢા પર પથ્થરના ઘા માર્યા છે. જેના કારણે બાપુને મોઢા પર અને નાકમાં ગંભીર ઈજાઓ પહોંચી છે. અમને આ ઘટનાની જાણ થતા અમે તાત્કાલિક મંદિરે દોડી ગયા હતા અને બાપુને ૧૦૮ ની મદદથી સારવાર માટે ખસેડ્યા હતા. આ ઘટનામાં પોલીસને જાણ કરવામાં આવી છે અને આ હુમલો કરનાર આવારા તત્વો સામે કડક કાર્યવાહી થવી જોઈએ તેવી અમારી માંગ છે.


પોલીસ તંત્રએ આવા લુખ્ખા તત્વોને પકડી પાડી તેનું સરઘસ કાઢી જાહેરમાં સરભરા કરવી જોઈએઃ નિલેશભાઈ આહીર-હિન્દુ સૌરાષ્ટ્ર સંગઠન,રાજકોટ.

આજે આ ઘટનાની અમને જાણ થઈ કે જસદણમાં ૧૦૦ વર્ષ કરતા વધુ ઉંમરના સાધુ પર હુમલો થયો છે. જેથી અમે તાત્કાલિક મંદિરે પહોંચી ગયા હતા અને જોયું તો તે સાધુ ચાલી શકે તેવી કોઈ પરિસ્થિતિમાં ન હતા. છતાં લુખ્ખા તત્વોએ તેમના પર હુમલો કર્યો હતો અને ઢસડીને બેફામ ઢોરમાર માર્યો હતો. જેથી આવા લુખ્ખા અસામાજિક તત્વોને પોલીસ તંત્ર દ્વારા તાત્કાલિક પકડી પાડવામાં આવે અને ચોકે-ચોકે તેમનું સરઘસ કાઢી જાહેરમાં સરભરા કરવામાં આવે જેથી તેને ખબર પડે કે સાધુ પર હુમલો ન કરાય. આ લુખ્ખા તત્વોએ મંદિરમાં ઘૂસીને સાધુ પર હુમલો કર્યો તે ગંભીર બાબત ગણી શકાય.

# જસદણ નગરપાલિકાની ઘોર બેદરકારી સામે આવી નંદીઘરમાં ત્રણ દિવસથી મૃત્યુ પામેલા અબોલ પશુને કુતરાઓ ફાડી ખાતાનો વિડીયો વાયરલ થતા જીવદયા પ્રેમીઓમાં રોષ ફાટી નીકળ્યો

## બીજીવાર આવી કોઈ ઘટના નહી બને તેવી ચીફ ઓફિસરે જીવદયા પ્રેમીઓને ખાતરી આપતા મામલો થાળે પડ્યો

**મુખ્ય સમાચાર, બિજલ ભેસજાળિયા**



**જસદણઃ** જસદણ નગરપાલિકા દ્વારા જૂની નગરપાલિકાના ગ્રાઉન્ડમાં નંદીઘર બનાવવામાં આવ્યું છે. જેમાં શહેરભરમાં રસ્તે રઝળતા આખલાઓને સાચવવામાં આવી રહ્યા છે અને તેનો નિભાવ કરવામાં આવી રહ્યો છે. જે ઢોરના નિભાવ માટે સરકાર તરફથી સારો એવો ખર્ચ પણ કરવામાં આવે છે. તેમ છતાં ઢોરને સાચવવામાં જસદણ નગરપાલિકા સદંતર નિષ્ફળ નિવડી હોય તેમ ત્રણેક દિવસ પહેલા નંદીઘર ખાતે કોઈ અગમ્ય કારણોસર અબોલ પશુનું મૃત્યુ થતા તે મૃત પશુની વિધી કરવામાં જસદણ નગરપાલિકા તંત્રના જવાબદારોએ આળસ દાખવતા કુતરાઓએ તે મૃત પશુને ફાડી ખાતા હતા. જે વિડીયો જીવદયા પ્રેમીઓને ધ્યાને આવતા રાજકોટના ગૌરક્ષક કેતનભાઈ સંઘવી, ભરતભાઈ આહીર અને નિલેશભાઈ આહીર સહિતના જીવદયા પ્રેમીઓ તાત્કાલિક જસદણ ખાતે દોડી આવ્યા હતા અને જસદણ પ્રાંત અધિકારી અને ચીફ ઓફિસરને રોષભેર રજૂઆતો કરી હતી. જે રજૂઆતમાં આવો બનાવ ભવિષ્યમાં ન બને અને સમગ્ર ઘટનાની ગંભીરતાને ધ્યાનમાં રાખીને જસદણ નગરપાલિકાના જવાબદાર બાબુઓ સામે પગલા લેવામાં આવે તેવી માંગ કરવામાં આવી હતી. જો કે હવે બીજીવાર આવી કોઈ ઘટના નહી બને તેવી ચીફ ઓફિસરે જીવદયા પ્રેમીઓને ખાતરી આપતા મામલો થાળે પડ્યો હતો.

જો હવે બીજીવાર આવી કોઈ ઘટના બનશે તો જીવદયા પ્રેમીઓ દ્વારા ઉગ્ર આંદોલન કરવામાં આવશેઃ કેતનભાઈ સંઘવી-જીવદયા પ્રેમી,રાજકોટ.

જસદણ નગરપાલિકા સંચાલિત નંદીઘરની બેદરકારીની અમને માહિતી મળતા અમે રાજકોટથી ગૌરક્ષક ભરતભાઈ આહીર અને નીલેશભાઈ આહીર દ્વારા જસદણ પ્રાંત અધિકારીને રજૂઆત કરવામાં આવી હતી. જેમાં નંદીઘરનો અમને એક વિડીયો ધ્યાને આવ્યો હતો જેમાં એક અબોલ પશુનું ત્રણ દિવસ પહેલા મોત થયું હતું. ત્રણ-ત્રણ દિવસ થઈ જવા છતાં તેને ઉપાડવામાં નહી આવતા કુતરાઓ ફાડી ખાતા હતા. આ ઘટનાને લઈને જસદણ નગરપાલિકાના ચીફ ઓફિસરને પણ રજૂઆત કરવામાં આવી છે અને આવી ગંભીર બાબતને ધ્યાનમાં લઈને હવે બીજીવાર આવી કોઈ ઘટના નહી બને તેવી અમને ખાતરી આપવામાં આવી હતી.

જીવદયા પ્રેમીઓની રજૂઆતને ધ્યાને લઈને જવાબદારોને તાત્કાલિક સૂચના આપી દેવામાં આવી છેઃ રાજુભાઈ શેખ-ચીફ ઓફિસર,જસદણ.

જીવદયા પ્રેમીઓની રજૂઆતને પગલે અમને આ ઘટના ધ્યાને આવી હતી. જેથી અમે જીવદયા પ્રેમીઓની રજૂઆતને ધ્યાને લઈને જવાબદારોને તાત્કાલિક સૂચના આપી દેવામાં આવી છે અને આવી ઘટના હવે બીજીવાર નહી બને તેની અમે તકેદારી રાખીશું.

# જામનગરમાં વૃદ્ધ નું એટીએમ કાર્ડ અને પિન નંબર મેળવી લઇ ૪.૬૮ લાખ ઉપાડી લેનાર ઝડપાયો

**મુખ્ય સમાચાર, મોરબી**



જામનગરમાં એક વૃદ્ધ પાસેથી એટીએમ કાર્ડ મેળવી લઇ તેમાં પ્રકારે પીન નંબર મેળવી વૃદ્ધના બેન્ક ખાતામાંથી રૂ.૪.૬૮,૫૩૪ ની રકમ ઉપાડી લેવા અંગે ગુના માં નાસ્તા ફરતા આરોપી ને સાયબર ક્રાઇમ પોલીસે ઝડપી પાડ્યો છે .અને તેની પાસેથી રૂ.૧,૨૩ ૬૦૦ ની કિંમત ના સોનાના ઘરેણા તથા બે મોબાઈલ ફોન કબ્જે લેવામાં આવ્યા છે.જામનગરના પોલીસ ની સાયબર ક્રાઈમ ટીમ દ્વારા સાયબર ગુના આચારનાર ગુનેગારોને પકડી પાડવા ઝુ ચલાવાઈ રહી છે. આવા એક ગુના ની તપાસ દરમિયાન એક વૃદ્ધના બેંક ખાતામાંથી રૂ ૪.૬૮.૫૨૪ ની રકમ ઉપાડી લઇ છેતરપિંડી આચરવા નાં ગુના ની તપાસ મા પોલીસ ટુકડીએ આજે ગુલાબ નગર વિસ્તારમાં રહેતા રાહુલ પ્રવીણભાઈ થારેચા (૨૭) ને ઝડપી પાડ્યો હતો અને તેના કબજા માંથી રૂપિયા ૧૨૩,૬૦૦ ની કિંમતના સોનાના ઘરેણા તેમજ બે નંગ મોબાઈલ ફોન કબ્જે લેવામાં આવ્યા હતા.આ ગુનાનો ભોગ બનનાર વૃદ્ધ નો આરોપી નજીક નો સગો છે .અને તેના ઘરે મદદ કરવાના બહાને જતો હતો અને વૃદ્ધ પાસે થી એટીએમ કાર્ડ અને પીન નંબર યેનકેન પ્રકારે મેળવી લીધા હતા ત્યાર બાદ વૃદ્ધ નાં બેંક ખાતાં ને સાફ કરી નાખ્યું હતું આખરે આરોપી ને પોલીસે ઝડપી પાડયો છે.

# ગઢડા સ્વામિનારાયણ મંદિર ખાતે તા.૨૧ના દિવ્ય શાકોત્સવ, સત્સંગ સભા તથા શોભાયાત્રા યોજાશે

## જસદણના પત્રકાર નરેશ ચોહલીયાએ એસપી સ્વામીની રૂબરૂ મુલાકાત લીધી

**મુખ્ય સમાચાર, નરેશ ચોહલિયા**



**જસદણઃ** ગઢડા સ્વામિનારાયણ મંદિર ખાતે દિવ્ય સાકોત્સવ ઉજવવા અંગે તડામાર તૈયારીઓને આખરી ઓપ અપાઈ રહ્યો છે જસદણના પત્રકાર નરેશભાઈ ચોહલીયા એ ગઢડા સ્વામિનારાયણ મંદિર ખાતે સ્વામિનારાયણ ભગવાનના દર્શન કરી ધન્યતા અનુભવી હતી આ સાથે એસપી સ્વામીજીની ખાસ શુભેચ્છા મુલાકાત લીધી હતી જેમા એસપી સ્વામીએ જણાવ્યું હતું કે અનંત કોટી બ્રહ્માંડના અધિપતિ ભગવાન શ્રી સ્વામિનારાયણ જીવાત્માઓના કલ્યાણ માટે આ ધરા પર પ્રગટ્યા અને અનેક જીવના કલ્યાણ અર્થે ઉત્સવની પરંપરાઓ શરૂ કરી જેમાં સવંત ૧૮૭૭ માં ગઢપુર દેશના લોયા ધામમાં સ્વયમ શ્રી હરીએ ૬૦ મણ રીંગણા અને ૧૨ મણ ઘીનો વઘાર કરી સાકોત્સવ કર્યો હતો જે ખૂબ જ પ્રસિદ્ધ પ્રસિદ્ધ છે જે પરંપરા અનુસાર શ્રી હરિસૂરૂપ શ્રી ગોપીનાથજી મહારાજની કૃપાથી ૧૦૦૮ શ્રી આચાર્ય અજેન્દ્ર પ્રસાદ મહારાજ ના પ્રાગટ્ય અમૃત વર્ષમાં તેમની આજ્ઞાથી તથા પુ ૧૦૮ ભાવી આચાર્ય શ્રી નુગેન્દ્ર પ્રસાદ મહારાજજીની ઉપસ્થિતિમાં ધનશ્યામવલ્લભદાસજી શ્રી એસપી સ્વામીના માર્ગદર્શન પ્રમાણે સત્સંગ સમાજના સાથ સહકારથી ગઢપુરમાં દિવ્યશાકોત્સવ ઉજવવાનું નિર્ધારિત કરેલ છે જેમાં તારીખ ૨૧ ૨ ૨૦૨૪ મહા સુદ ૧૨ ને બુધવારે સવારે ૯:૦૦ થી ૧૨ દિવ્યશાકોત્સવ તથા સત્સંગ સભા શોભાયાત્રા મહાપ્રસાદ સહિતનુ આયોજન કરેલ છે આ કાર્યક્રમમાં શ્રી ગોપીનાથ યુવક મંડળ તથા શ્રી લક્ષ્મીનારાયણ મહિલા મંડળ જહેમત ઉઠાવી રહ્યું છે સાકોત્સવ સ્થળ બોટાદ રોડ રિલાયન્સ પેટ્રોલ પંપ સામે ગઢડા સ્વામીના તો દરેક ભક્તજનોએ આ ઉત્સવમાં પધારવા એસપી સ્વામી રમેશ ભગત તથા છપૈયા સ્વામી એ પત્રકાર નરેશ ચોહલીયા સાથેની મુલાકાત સમયે જણાવ્યું હતુ

# વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના હસ્તે સૌરાષ્ટ્રમાં ઊર્જા વિભાગના રૂ.૫૧૩ કરોડના કામોનું લોકાર્પણ

## સાયલા પાસે ૪૦૦ કે.વી. સબ સ્ટેશનથી સુરેન્દ્રનગર જિલ્લાના ૧૦ હજાર લોકોને થશે લાભઃ રાજકોટ, અમરેલી, ભાવનગર પંથકમાં બનેલા ૬૬ કે.વી.ના વિવિધ ૧૦ સબ સ્ટેશનોનું પણ લોકાર્પણ



**મુખ્ય સમાચાર, રાજકોટ**

**ખાસ લેખ - સંદીપ કાનાણી**

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી ૨૫મી ફેબ્રુઆરીએ રાજકોટ પધારી રહ્યા છે અને નાગરિકોને હજ્જારો કરોડના વિકાસકામોની ભેટ આપવાના છે, ત્યારે ઊર્જા વિભાગના રૂપિયા ૫૧૩ કરોડથી વધુનાં વિકાસકામોનું પણ તેમના વરદ હસ્તે લોકાર્પણ થનાર છે.

ખેતી હોય, ઘર હોય કે પછી ઉદ્યોગ, વીજળી સૌ માટે મહત્વની છે અને સૌરાષ્ટ્રમાં વીજ નેટવર્કને મજબૂત બનાવતા વિવિધ સબ સ્ટેશનો સાથેના વિકાસકામો સતત ચાલી રહ્યા છે. જે ઉપક્રમમાં સુરેન્દ્રનગર, ભાવનગર, અમરેલી, પોરબંદર તથા રાજકોટ જિલ્લામાં નિર્માણ પામેલા વિવિધ ક્ષમતાના સબ સ્ટેશનોનું વડાપ્રધાનશ્રી લોકાર્પણ કરવાના છે.

જે અંતર્ગત સુરેન્દ્રનગર જિલ્લાના ખેડૂતો અને ઉદ્યોગકારોને ગુણવત્તાયુક્ત અને અવિરત વીજ પૂરવઠો મળી રહે તે માટે સાયલા તાલુકામાં શાપર ખાતે રૂ. ૩૪૮.૧૨ કરોડના ખર્ચે ૪૦૦ કે.વી. સબ સ્ટેશનનું નિર્માણ કરવામાં આવ્યું છે. તેનાથી સુરેન્દ્રનગર જિલ્લાના સાયલા તથા ચોટીલા તાલુકાના આશરે ૧૦ હજારથી વધુ લોકોને લાભ થશે. મહત્વનું છે કે, ૪૦૦ કે.વી.ના શાપર સબ સ્ટેશનને તેની ૪૦૦ કેવી./૨૦૦ કે. વી. ટ્રાન્સમિશન લાઈન સાથે ચાલુ કરવાથી એકંદર ટ્રાન્સમિશન લાઈનના નુકસાનમાં ઘટાડો થાય છે. આ સાથે ૪૦૦ કે.વી. કોરિડોર દ્વારા સૌરાષ્ટ્ર અને મધ્ય ગુજરાત વચ્ચે મજબૂત વીજ આંતરજોડાણ ઉપલબ્ધ બનશે.

વીજળી ઉત્પાદન માટે સરકાર હવે પુનઃ પ્રાપ્ય ઊર્જા પર ભાર આપીને તેને પ્રોત્સાહન આપી રહી છે. આ જ ઉપક્રમમાં ભાવનગર જિલ્લાના સનેસ ખાતે સરકારી પડતર જમીન પર, આશરે રૂપિયા ૮૭ કરોડના ખર્ચે, ૨૧ મેગાવોટના સોલાર પાવર પ્રોજેક્ટનું નિર્માણ કરવામાં આવ્યું છે. જેનું લોકાર્પણ પણ વડાપ્રધાનશ્રીના હસ્તે થનાર છે. મહત્વનું છે કે, આ પ્રોજેક્ટ સાકાર થવાથી ભાવનગર જિલ્લાના ખેડૂતોને ફાયદો થશે. આ સાથે વીજ વિતરણના ટ્રાન્સમિશન અને ડિસ્ટ્રીબ્યુશનથી થતું નુકસાન અને ખર્ચ પણ ઘટશે. આ પ્રોજેક્ટથી બિનપરંપરાગત ઊર્જા સ્રોતથી વીજળી ઉત્પન્ન થતી હોવાથી પ્રદૂષણ પણ નહીં થાય.

અમરેલી તથા ભાવનગર પંથકના વિવિધ આંતરિયાળ વિસ્તારોમાં ગુણવત્તાયુક્ત અવિરત વીજ પૂરવઠો પૂરો પાડવાના હેતુસર આશરે રૂ.૩૮ કરોડના ખર્ચે ૬૬ કે.વી.ના પાંચ નવા સબ સ્ટેશનોનું નિર્માણ કરવામાં આવ્યું છે. જેમાં ભાવનગર જિલ્લાના તળાજાના ચોપડા ખાતે ૭.૯૨ કરોડના ખર્ચે બનેલા સબ સ્ટેશન, મહુવા તાલુકાના તલગાજરડામાં રૂ.૬.૮૧ કરોડમાં બનેલા સબ સ્ટેશન તથા મહુવાના ભાણવડામાં બનેલા સબ સ્ટેશન જ્યારે અમરેલી જિલ્લાના લાઠી તાલુકામાં ૬.૯૪ કરોડના ખર્ચે નિર્મિત દહીંથરા (નવાગામ) સબ સ્ટેશન, સાવરકુંડલા તાલુકામાં ૮.૯૧ કરોડના ખર્ચે બનેલા ચરખડીયા (નેસડી) સબ સ્ટેશનનો સમાવેશ થાય છે.

આ ઉપરાંત, રાજકોટ જિલ્લામાં રૂ.૪૦ કરોડના ખર્ચે બનેલા ૬૬ કે.વી.ના પાંચ સબ સ્ટેશનોનું પણ લોકાર્પણ થશે. જેમાં રાજકોટ જિલ્લામાં પડધરી તાલુકામાં ૬.૫૬ કરોડના ખર્ચે બનેલા વિમાસણ સબ સ્ટેશન, વિંછિયા તાલુકાના લાલાવદરમાં ૭.૬૬ કરોડના ખર્ચે બનેલા સબ સ્ટેશન, રાજકોટના પરા પિપળીયા (એઈમ્સ)માં રૂ.૭.૩૮ કરોડના ખર્ચે બનેલા સબ સ્ટેશન, જસદણ તાલુકાના મોઢુકામાં રૂ.૯.૭૪ કરોડના ખર્ચે બનેલા સબ સ્ટેશન તથા ઉપલેટા તાલુકાના મુરખડામાં રૂ. ૮.૫૯ કરોડના ખર્ચે બનેલા સબ સ્ટેશનનું લોકાર્પણ કરવામાં આવશે. આ સબ સ્ટેશનનો લાભ પોરબંદર પંથકના ગામોને પણ થશે.

# જસદણના કાસલોલીયા ગામની યુવતી પર બે શખ્સોએ દુષ્કર્મ આચર્યું

**મુખ્ય સમાચાર, જસદણ**

જસદણના કાસલોલીયા ગામની ૨૦ વર્ષીય યુવતી પર તેના જ ગામનો નરાધમ શખ્સ છેલ્લા દોઢ વર્ષથી બ્લેકમેઈલ કરી અનેક વખત દુષ્કર્મ આચરતો હોવાની ફરિયાદ જસદણ પોલીસ મથકમાં નોંધાતા ચકચાર મચી ગઈ છે. આ દુષ્કર્મના બનાવમાં બન્ને નરાધમ શખ્સોના સકંજામાંથી છૂટવા માટે યુવતીએ દોઢ મહિના પહેલા એસીડ પીઈ લેતા આજે તે જીવન-મરણ વચ્ચે જોલા ખાઈ રહી છે અને આ દુનિયામાં તે થોડા દિવસની જ મહેમાન હોવાનું પરિવારજનો દ્વારા જણાવવામાં આવ્યું છે.



જસદણ તાલુકાના કાસલોલીયા ગામની ૨૦ વર્ષીય યુવતી પોતાની વાડીમાં ન્હાવા માટે બેઠી હતી. ત્યારે તેની બાજુની વાડીમાં રહેતો હિંમત રાયધન કટેશીયા નામનો યુવક પાછળ છુપાઈને યુવતીના અશ્લીલ ફોટા પાડી છેલ્લા દોઢ વર્ષથી બ્લેકમેઈલ કરી તેમના પર દુષ્કર્મ ગુજારતો હતો અને આ દુષ્કર્મમાં જયસુખ ઉર્ફે કાળુ કટેશીયા નામનો શખ્સ યુવતીના અશ્લીલ ફોટા વાયરલ કરી દેવાની ધમકી આપી હિંમતને મદદગારી કરતો હતો. જેમાં યુવતીને બદનામ કરવાની અને તેના મા-બાપને તેમજ કુટુંબીજનોને અશ્લીલ ફોટા દેખાડી દેશું તેવી ધમકીઓ આપી નરાધમ શખ્સ હિંમત કટેશીયા યુવતીને બ્લેકમેઈલ કરી વારંવાર દુષ્કર્મ ગુજારતો હતો. અધૂરામાં પૂરું બન્ને શખ્સોએ યુવતીની સગાઈ ઈશ્વરીયા ગામે થઈ હતી ત્યાં હિંમત અને જયસુખ બન્નેએ યુવતીના મંગેતરને વોટ્સએપ દ્વારા યુવતીના અશ્લીલ ફોટા મોકલીને બદનામ કરી તેની સગાઈ તોડાવી નાખી હતી. જેથી આ બન્ને નરાધમોના ત્રાસથી કંટાળીને યુવતીએ બદનામીના ડરથી આ બન્ને નરાધમોને હાથ-પગ જોડી વિનંતી કરી હતી કે મને બદનામ કરવાનું બંધ કરો. તેમ છતાં આ બન્ને નરાધમો તેનો પીછો છોડતા ન હોવાથી યુવતીએ મરવાનું નક્કી કરેલ અને દોઢેક મહિના પહેલા એસીડ ગટગટાવી લીધું હતું. બાદમાં યુવતીને તાત્કાલિક રાજકોટની હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવી હતી. બાદમાં આ ઘટનાની જાણ યુવતીના મા-બાપને થતા જસદણ પોલીસનો સહારો લીધો હતો અને દુષ્કર્મ ગુજારનાર બન્ને નરાધમ શખ્સો વિરુદ્ધ જસદણ પોલીસ સ્ટેશનમાં ધાક-ધમકી આપવી અને બ્લેકમેઈલ કરી દુષ્કર્મ ગુજારતા હોવાની ફરિયાદ નોંધાવી છે. ૨ આ દુષ્કર્મના બનાવમાં ભોગબનનાર યુવતી આજે આ દુનિયામાં થોડા દિવસની મહેમાન છે. કારણ કે તેમના શરીરની હોજરી ફેલ થઈ જતા હોજરીને બહાર કાઢી લેવામાં આવેલ છે અને તેમના પરિવારનું કહેવું છે કે બન્ને નરાધમોના પાપે અમારી દીકરી હવે થોડા દિવસની જ મહેમાન છે. તો અમારી સરકારને વિનંતી છે કે બન્ને નરાધમ પાપીને પકડી પાડી કડકમાં કડક સજા થાય જેથી આવું કૃત્ય અન્ય દીકરીઓ સાથે કોઈ ન કરે તેવી યુવતીના લાચાર પરિવારજનો દ્વારા માંગ કરવામાં આવી છે.

# પ્રેમે પ્રેમિકાને 'વેલેન્ટાઈન ડે'ની ગિફ્ટ આપવા કાકીનું કાસળ કાઢ્યાની કબુલાત

## નવી કોર્ટ બિલ્ડીંગ પાસે શિવસાગર સોસાયટીમાં મહિલાની હત્યામાં કૌટુંબિક ભત્રીજાની ધરપકડ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટના જામનગર રોડ પર નવા કોર્ટ બિલ્ડી ગ સામે શિવસાગર સોસાયટીમાં વેલેન્ટાઇન ડે ના દિવસે તા.૧૪/૨ના રોજ હેમાલીબેન અલ્પેશભાઈ વઢ(ઉ.વ.૨૭) નામની મહિલાની હત્યાની તપાસમાં નવો વણાંક આવ્યો હતો. શરૂઆતથી પરિણીતાની હત્યા તેના પતિએ કર્યાની પોલીસની તપાસ બાદ હત્યામાં તેના કૌટુંબિક ભત્રીજાની સંડોવણી બહાર આવ્યા બાદ ક્રાઈમ બ્રાંચની ટીમે હત્યારા ભત્રીજા અયોધ્યા ચોકડી, યોગરાજનગર, શીવસાગર પાર્ક બ્લોક, જામનગર રોડ, ન્યુ કોર્ટ બીલ્ડીંગ પાછળ પ્રેમ ભરત જેઠવા(ઉ.વ.૨૦)ની ધરપકડ કરી હતી. પ્રેમે પ્રેમિકાને નસ્ત્રવેલેન્ટાઈન ડેસ્ત્રસ્ત્રની ગિફ્ટ આપવા કાકીનું કાસળ કાઢ્યું હોવાનું તપાસમાં છે. હત્યાનો ઉકેલવા સાથે લૂંટ કરાયેલ રોકડ અને દાગીના સહિત





રૂ.૨.૧૭ લાખનો મુદ્દમાલ કબજે કર્યો હતો.

પકડાયેલ પ્રેમ ભરત જેઠવાની સગીર પ્રેમિકાને વેલેન્ટાઇન ડે ના દિવસે મોંઘી ગિફ્ટ આપવા માંગતો હતો. મોજશોખ વાળુ અને ઐયાશી ભર્યું જીવન જીવવા માટે તથા પોતાની નાની મોટી જરૂરીયાતો પુરી કરવા કોઈપણ ભોગે રૂપીયાની જરૂરીયાત હતી જેથી પ્રેમ વેલેન્ટાઇન ડે ના દિવસે તા.૧૪/૨/૨૦૨૪ ના પોતાના કૌટુંબીક કાકા અપેશભાઈ વઢ્ઢના ઘરે ગયો હતો. ત્યારે તેના કાકી હેમાલીબેન ફળીયામાં સાફ-સફાઈ કરતા હતા અને ઘરમાં અન્ય કોઈ હાજર ન હોય પોતે ઢીંગલીને રમાડવા આવ્યો છે. તેમ કહી ઘરમાં પ્રવેશ કરી હેમાલીબેન બહાર કામ કરતા હતા ત્યારે કબાટ વાળા રૂમમાં જઈ કબાટ ખોલી પડેલ સોનાના ચેઈન ખિસ્સામાં નાખતો હતો. તે હેમાલીબેન જોઈ જતા બોલાચાલી ઝઘડો થતા આ બનાવની જાણ કરવા હેમાલીબેનએ આરોપીના મમ્મીને ફોન કરતા આરોપી ગુસ્સામાં આવી ઉશ્કેરાઈ જઈ નાની બાળકી રૂહીની હાજરીમાં હેમાલીબેનનું મોઢુ દબાવી બેડ ઉપર પછાડી નજીક પડેલ કાતરથી હેમાલીબેનના ગળામાં કાતરના પા મારી મોત નિપજાવી ફરીથી કબાટ વાળા રૂમમાં જઈ કબાટમાં બાકી રહેલા બીજા સોનાના દાગીના ચોરી બહારથી બારણું બંધ કરી નાસી ગયેલ હતો. હત્યામાં હેમાલીબેનના પતિ અલ્પેશ ઉપર શંકા જતાં પોલીસે તેણી પૂછપરછ કરતાં ગભરાયેલા અલ્પેશે નાછૂટકે હત્યાની કબૂલાત આપી હતી, જોકે ક્રાઈમ બ્રાંચની તપાસમાં હત્યામાં પુરાવા અને ટેકનિકલ બાબતોની તપાસમાં અલ્પેશ નહિ પણ હત્યારો અન્ય હોવાની માહિતી સામે આવ્યા બાદ એક પછી એક ટેકનિકલ રીતે તાપસ બાદ હત્યા પ્રેમ ભરત જેઠવા કરી હોવાનું સામે આવ્યું હતું. જેની પોલીસે ધરપડક કરી રૂ.૨.૧૭ લાખનો મુદ્દમાલ કબજે કર્યો હતો. પોલીસ કમિશનર રાજુ ભાર્ગવ, અધિક પોલીસ કમિશ્નર વિધી ચૌધરી, ડીસીપી ક્રાઈમ ડો. પાર્થરાજસિંહ ગોહીલ, એસીપી ક્રાઈમ ભરત બી. બસીયાની સૂચના અને માર્ગદર્શન હેઠળ ક્રાઈમ બ્રાંચના પીઆઈ ? એમ.આર. ગોંડલીયાના સાથે પીએસઆઈ ડી.સી. સાકરીયા, એમ.જે. હુણ, એ.એન. અતિશયોક્તિમાં આવી ગેરમાર્ગે જતા હોય છે તેને પરમાર, એ.એસ. ગરચર, તથા તેમની ટીમ અટકાવવા માટે વાલીઓએ પોતાના સંતાનો શું કરે દ્વારા કામગીરી કરવામાં આવી હતી

## ગોંડલ તાલુકાના શ્રીનાથગઢ ગામે

# કારમાંથી નવવધૂને લગ્નમાં ચડાવેલા ૪.૮૪ લાખના દાગીનાની ચોરી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ગોંડલ તાલુકાના શ્રીનાથગઢ ગામે રહેતા અને સુરેન્દ્રનગરમાં પીજીવીસીએલમાં જુનીયર ઇજનેર તરીકે ફરજ બજાવતા યુવાનના સુરેન્દ્રનગર લગ્ન થયા બાદ જાન પરત ફરતી હતી. દરમિયાન નવવધુને કન્યાદાનમાં માં આપેલા દાગીના કારમાં રાખ્યા હતાં. ત્યારે જાન આવ્યા બાદ સામૈયા સહિતની વિધિ પૂર્ણ થયા પછી કારમાં રાખેલી દાગીનાની થેલી લેવા જતા ગાયબ થયાનું ખુલ્યું.

બનાવની જાણવા મળતી વિગતો બાદ બપોરના ચારેક વાગ્યે અલગ અલગ પર રહેતા જયંતીભાઈ નવવધુને લગ્નમાં ચડાવેલા દાગીના તથા આ મુજબ, શ્રીનાથગઢમાં આંબેડકરનગરમાં બીલડી રોડ પાલાભાઈ બાબરીયા (ઉ.વ ૬૩) દ્વારા સુલતાનપુર પોલીસ મથકમાં નોંધાવવામાં આવેલી ફરિયાદમાં જણાવ્યું હતું મોટો પુત્ર શાંતિલાલ જે સુરેન્દ્રનગરમાં પીજીવીસીએલમાં જુનીયર ઇજનેર તરીકે ફરજ બજાવે છે. ગત તા. ૧૦-૨-૨૦૨૪ ના શાંતીલાલના લગ્ન સુરેન્દ્રનગરમાં રહેતી નિલમબેન ગજેન્દ્રભાઈ ચાવડા સાથે હોય વહેલી સવારે પરિવાર કાર તથા ખાનગી વાહનમાં સુરેન્દ્રનગર ગયો હતો.

વાહનમાં ઘરે પરત ફર્યા હતાં. ત્યારે તેને માવતરે કન્યાદાનમાં આપેલા દાગીનાની કુલ બે થેલી વૃધ્ધના દિકરીએ મામા અશોકભાઈને સાચવવા આપી હતી.

ફરિયાદી અને તેના સાળા અશોકભાઈ બંને સાથે ઈકો ગાડીમાં અહીં શ્રીનાથગઢ આવ્યા હતાં. દાગીનાની આ થેલી સીટ નીચે રાખી હતી. શ્રીનાથગઢ પહોંચ્યા બાદ અશોકભાઈએ ફરિયાદીને કહ્યું હતું કે દાગીના સચાવજો અહીં કારમાં સીટ નીચે રાખ્યા છે. વૃધ્ધે કાર લોક કરી ધરી છે. કોઈ શખસે ઈકો કારનો દરવાજો ખોલી કારમાં રહેલી દાગીનાની બે થેલીમાંથી એક થેલી ચોરી કરી લીધી હતી. થેલીમાં રૂા. ૪.૮૪ લાખની કિંમતના દાગીના હોય આ અંગે સુલતાનપુર પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવવામાં આવી છે. નાનપુર દીધી હતી. બાદમાં સામૈયો પુરા થયા બાદ રાત્રીના અગીયાર વાગ્યા આસપાસ ગાડીમાંથી દવા લેવા ગયા બાદ વૃધ્ધે અહીં સીટ નીચે પડેલા દાગીનાની થેલી કાઢી દિકરીને આપી હતી. તે સમયે દિકરીએ વાત કરી હતી કે, દાગીનાની એક થેલી નહીં પણ બે થેલી હતી. કુલ રૂા.૪.૮૪ લખાના સોનાના સાથેની થેલી કારમાંથી કોઈ ઉઠાંતરી કરી જતા ફરિયાદ નોંધાવતા આ અંગે સુતલતાનપુર પોલીસે ગુનો નોંધી દાગીના ભરેલી થેલી તફડાવી જનાર તસ્કરોના સગડ મેળવવા તપાસ હાથ ધરી છે.

# અમરેલીના જાળીયા ગામે દિપડાએ બાળક પર કર્યો જીવલેણ હુમલો

## પિતાની પડખે સુતેલા બાળકને દીપડો ઉપાડી ભાગ્યો ફેન્સીંગ વાયરમાં ફસાતા બાળક બચી ગયો

**મુખ્ય સમાચાર, અમરેલી**

અમરેલી અમરેલીના જાળીયા ગામની સીમ વિસ્તારમાં પરપ્રાંતીય ખેત મજુરના બાળક પર દિપડાએ કર્યો જીવલેણ હુમલો હુમલામાં બાળકને ગાલ અને માથાના પાછળના ભાગે ગંભીર ઈજાઓ ૩૧ ટાકાઓ આવ્યા હતા.

અમરેલી જિલ્લામાં દિપડાના દિપડાના હુમલાની ઘટનાઓ દિન પ્રતિદિન સામે આવી રહી છે ત્યારે જાળીયા ગામની સીમ વિસ્તારમાં કિશોરભાઈ ઠુંમ્મરની વાડીમાં પરપ્રાંતીય ખેત મજુરો વાડી વિસ્તારમાં ખુલ્લામાં સુતા હોય તે દરમીયાન રાત્રિના ૨ વાગ્યાના અરસામાં દિપડો દબાતા પગે આવી પિતાની બાજુમાં સુતેલા સાત



વર્ષના બાળક ને લઇ ફરાર થયો હતો બાળકની સિચો સાંભળતાજ બાજુમાં સુતેલા માતા પિતા જાગી જતા પરિવાર જનોની ચીસો નીકળી ગઈ હતી.

બાળકના પિતાએ દીપડાનો પીછો કરતા વાડીએ કરેલા ફેંસિંગમાં ફસાતા દિપડો બાળકને મૂકી જતો રહ્યો હતો જેના કારણે બાળકનો જીવ બચ્યો હતો અજયભાઈ રાજુભાઈ અજનાર (ઉ.વ.૭)નાં બાળકને માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી જેને તાત્કાલિક રાત્રિ દરમિયાન સારવાર માટે સિવિલ હોસ્પીટલ અમરેલી ખાતે સારવાર માટે લઈ ગયેલ હોય સારવાર દરમીયાન પરિવારજનોએ જણાવેલ કે બાળકને માથાનાં ભાગે ૩૨ ટાકા આવેલ છે ત્યારે આ ઘટના ની જાણ થતા વન વિભાગના અધિકારીઓ ઘટના સ્થળે દોડી પહોંચ્યા હતા આર.એફ.ઓ ગલાણી વધુમાં જાણવ્યુ હતું કે જાળીયા ગામે પર પ્રાંતિય મજૂરો ખુલ્લામાં સુતા હતા જે ઘટના બની હતી તેની સ્થળ તપાસ કરવામાં આવી હતી સરપંચને વાડી માલિકોને પણ અપીલ કરવામાં આવી હતી કે વાડી વિસ્તારમાં બહાર સૂવું નહીં અને દિપડાએ બાળક પર હુમલો કરેલ છે તેને લઈને સરકાર દ્વારા જે વળતર આપવામાં આવે છે તેને લઈને કાર્યવાહી કરવામાં આવી છે દિપડાના પકડવા માટેના પાંજરા મૂકવાની તજવીજ હાથ ધરવામાં આવી છે.

# જૂનાગઢમાં પુત્રના હાથમાં તલવાર આપી કેક કાપતો વિડિયો વાયરલ થયા બાદ પિતા સામે ફરિયાદ

**મુખ્ય સમાચાર, જૂનાગઢ**

જૂનાગઢમાં ગુણાતીત સોસાયટીમાં બનેલી એક ઘટના અંગે પોલીસે ગુન્હો દાખલ કર્યો છે, સાત વર્ષના દીકરાના હાથમાં ખુલ્લી તલવાર આપીને કેક કાપનાર પિતા સામે ફરિયાદ નોધવામાં આવી છે.

જૂનાગઢમાં ટીંબાવાડી દરગાહ પાસે રહેતા સાદાબ આરબ સુમરા ઉ.૩૯ ના ભાઈના દીકરા માહિર (ઉ.૩ વર્ષ) ની સુનત સાદીનો પ્રસંગ હતો, અને તેમાં તા.૧૭ ફેબ્રુઆરીની રાતે ૧૧.૪૫ કલાકે સાદાબએ ઘરની બહાર જાહેરમાં પોતાના ૭ વર્ષના દીકરા તાઝીમના હાથમાં ખુલ્લી તલવાર આપીને કેક કાપતા હોય તેવો વિડીયો બનાવ્યો હતો, જે વીડિયોના આધારે પોલીસે અન્યની જિંદગી જોખમાય તેવું કૃત્ય કરવા સબબ સાદાબ સામે આઈપીસી કલમ ૩૩૬, ૧૩૫ અન્વે સી ડીવીઝન પોલીસમાં ગુન્હો દાખલ કર્યો છે.



# સાત વર્ષ પહેલા ખોટા દસ્તાવેજો બનાવાના ગુનામાં નાસતો ફરતો શખ્સ ઝડપાયો

**મુખ્ય સમાચાર રાજકોટ**



રાજકોટ શહેરમાં સાત વર્ષ પહેલા ખોટા દસ્તાવેજો બનાવી છેતરપિંડી કરવા અંગે નો ગુનો ભક્તિનગર પોલીસમાં નોંધાયો હોય આ ગુનામાં કેશોદના સોંદરડા ગામનો અમિત ભરત ભડીંગજી નામનો બાવાજી શખ્સ નાસતો ફરતો હોય ક્રાઈમ બ્રાંચના પીએસઆઈ ડી.જી.સાકરીયા સહિતના સ્ટાફને મળેલી ચોક્કસ બાતમીના આધારે અમદાવાદ-મહેસાણા હાઈવે પર કાઠીયાવાડી રેસ્ટોરન્ટમાં રસોયા તરીકે આ શખ્સ કામ કરતો હોવાની હકીક્તના આધારે પોલીસે ઝડપી લઈ ભક્તિનગર પોલીસના હવાલે કર્યો છે.

# ગંજીવાડામાં સગીરાએ ફીનાઈલ પી કર્યો આપઘાતનો પ્રયાસ

## જામનગરના પૂર્વ મંગેતરે અપહરણ કરી બળજબરીથી કોર્ટ મેરેજ કરી લેતા સગીરાએ પગલું ભર્યું

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ગંજીવાડામાં રહેતી સગીરાની અન્ય જગ્યાએ પરિવારે સગાઈ નક્કી કરી નાખતા તેના પૂર્વે મંગેતરે સગીરાનું અપહરણ કરી તેની સાથે બળજબરીથી કોર્ટ મેરેજ કરી લેતા તેણીએ ફિનાઇલ ગટગટાવી લેતા સિવિલમાં સારવાર માટે ખસેડવામાં આવી હતી.

આ અંગેની માહિતી મુજબ ગંજીવાડામાં રહેતી નાસમીન નામની સગીરાનું તેનું જામનગરના પૂર્વ મંગેતર ઓસમાએ અપહરણ કરી તેની સાથે બળજબરીથી કોર્ટ મેરેજ કરી તેણીને તેના ઘરે મૂકી જઈ કોર્ટ મેરેજના સર્ટિફિકેટ સગીરાના પરિવારને મોકલી ધમકી આપતા સગીરાને ફાઈનલ ગટગટાવી લીધું હતું જેથી તેને સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી. જ્યારે બનાવની જાણ થાત પોલીસ સ્ટાફ દોડી આવ્યો હતો અને સગીરાનું નિવેદન નોંધી તપાસ હાથ ધરી છે.

# રૂા.૧૩ લાખનો ચેક રિટર્ન થતા આરોપી મિત્રને દોઢ વર્ષની સજા


## ૬૦ દિવસમાં વળતર ન ચુકવે તો વધુ છ મહિનાની સજાનો હુકમ કરતી કોર્ટ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

૧૩ લાખનો આપેલ ચેક પરત ફરતા થયેલ ફરીયાદના ગુનામા આરોપીને દોઢ વર્ષની સજા તેમજ ૧૩ લાખ વળતર ચુકવવા કોર્ટે હુકમ કર્યો હતો.

આ કામની હક્કિત મુજબ આ કામના ફરીયાદી વિક્રમસિહ ભુરૂભા જાડેજા અને આરોપી અલ્પેશભાઈ ભીખાભાઈ નરોડીયા વચ્ચે લાંબા સમયથી મીત્રતાના સંબંધ હતા. આ સંબંધના નાતે આરોપી અલ્પેશભાઈ ભીખાભાઈ નરોડીયાને પોતાને અંગત જરૂરીયાત ઉપસ્થીત થતા આ કામના ફરીયાદી પાસેથી હાથ ઉછીની રકમ રૂપીયા ૧૩ લાખ માંગતા ફરીયાદીએ આરોપીને રૂપીયા ૧૩ લાખ હાથ ઉછીના આપેલ હતા. ત્યારબાદ ફરીયાદી દ્વારા આરોપી પાસેથી આ રકમ પરત માંગતા આરોપીએ તેમના ખાતાનો ચેક રૂપીયા ૧૩ લાખનો ફરીયાદીને લખી આપેલ હતો અને બેંકમા આ ચેક રજુ કર્યે આ રકમ ફરીયાદીને મળી જસે તેવો વિશ્વાસ અને ભરોસો આપેલ હતો. આરોપીના આ વિશ્વાસ અને ભરોસે તેમજ લાંબા સમયની મીત્રતાના નાતે ફરીયાદી દ્વારા આ ચેક સ્વીકારવામા આવેલ હતો પરંતુ આ ચેક ફરીયાદી દ્વારા તેમના બેંક ખાતામા ડીપોઝીટ કરતા આ ચેક પરત ફરેલ હતો. તે પરત ફરતા ફરીયાદી દ્વારા જરૂરી કાયદાકીય પ્રક્રિયાઓ બાદ ધી નેગોશીયેબલ ઈન્સ્ટુમેન્ટ એક્ટની જોગવાઈઓ મુજબ ફરીયાદ દાખલ કરેલ હતી. જે કામ ચાલી જતા અને હાલના કામે રજુ થયેલ પુરાવાઓની વિસ્તૃત છણાવટ અને ફરીયાદ પક્ષ દ્વારા રજુ પુરાવાઓના આધારે અને દલીલને કોર્ટ દ્વારા ગ્રાહ્ય રાખી ઉપરોક્ત ગુનાના કામે આરોપી અલ્પેશભાઈ ભીખાભાઈ નરોડીયાને એક વર્ષ છ માસની સાદી કેદની સજા તેમજ ૧૩ લાખ વળતર પેટે ૬૦ દિવસમા ચુકવી આપવા અને જો આ રકમ ના ચુકવે તો વધુ છ માસની સાદી કેદનો હુકમ કરવામા આવેલ છે. આ કામમા ફરીયાદી વતી એડવોકેટ રણજીતભાઈ એમ.પટગીર, સાહસ્તાબેન એસ.ખોખર, પ્રહલાદસીંહ બી. ઝાલા તેમજ મીતેશ એચ.ચાંનપુરા રોકાયેલ હતા.

# હરીઓમ કન્યા વિદ્યાલયની છાત્રાઓએ નિરંજન શાહ ક્રિકેટ સ્ટેડિયમની મુલાકાત લીધી



**કોઠારિયા રોડ પર ભક્તિનગર પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવતી હરિઓમ કન્યા વિદ્યાલયના એસ.પી.સી.ના છાત્રાઓએ પોલીસ કેડેટ દવારા જામનગર રોડ ખંઢેરી ખાતે આવેલ નિરંજન શાહ આતંરરાષ્ટ્રીય ક્રિકેટ સ્ટેન્ડીયમની મુલાકાત લીધી જે દરમિયાન આઈ.પી.એલ.ના ખુબ ઉમદા ખેલાડી ચેતન સાકરીયાએ બાળકોને ઉશ્માભેર મુલાકાત આપી તથા ક્રિકેટ અને સ્પોટમાં કારર્કિદી બાબતે માર્ગદર્શન આપેલ બાળકો દવારા પણ તેના સરળ સ્વભાવ જોઈ આભાર તથા આનંદ ની લાગણી વ્યક્ત કરી હતી.**

# સોરઠિયા સર્કલ પાસે રીક્ષા ચાલકે ડબલ સવારી બાઈકને ઠોકરે ચડાવતા વૃધ્ધાનું મોત

## અમદાવાદ-રાજકોટ હાઈવે પર બામણબોર પાસે અજાણ્યા વાહનની ઠોકરે પ્રૌઢનું મોત

**મુખ્ય સમાચાર રાજકોટ**

૮૦ ફૂટ રોડ પર રહેતો સોરઠિયાવાડી સર્કલ પાસે રાજકોટ અમદાવાદ હાઈવે પર બામણબોર ગામ પાસે અકસ્માતમાં બે માનવજિંદગીનો ભોગ લેવાયો હોવાની પોલીસ ચોપડે નોંધાવ્યું છે.

જેમાં પ્રથમ બનાવમાં કોઠારિયા રોડ પર ન્યુ સાગર સોસાયટી શરી-૬માં રહેતો ફિરોજ અબાસભાઈ માંઢાત નામના યુવાને ભક્તિનગર પોલીસમાં ફરિયાદ નોંધાવી છે કે ગઈકાલે તેના મિત્ર અલ્પેશના ફઈબા નંદુબેન શિવાભાઈ વોરા (ઉ.વ.૭૨)ને બાઈકમાં બેસાડી વાણીયાવાડીમાં તેના મિત્ર અલ્પેશના ઘરે મુકવા જતો હતો ત્યારે ૮૦ ફૂટ રોડ પર સોરઠિયાવાડી સર્કલ પાસે પહોંચતા અજાણી રીક્ષાના ચાલકે બાઈકને હડફેટે લઈ પછાડી દેતા વૃધ્ધાને માથામાં ગંભીર ઈજા થત તેનું મોત નિપજયું હતું બનાવના પગલે ભક્તિનગર પોલીસના પીએસઆઈ એ.જે.લાઠીયાએ ગુનો નોંધી રીક્ષા ચાલકની શોધખોળ આદરી છે.

જ્યારે બીજા બનાવમાં હનુમાન મઢી પાસે રૈયા રોડ પર શિવપરામાં રહેતા મુકેશભાઈ લાલજીભાઈ જિંજુવાડીયાએ એરપોર્ટ પોલીસમાં ફરિયાદ નોંધાવી છે કે તેના ભાઈ નવગણભાઈ ગગજીભાઈ જિંજુવાડીયા પોતાનું બાઈક ચલાવી રાજકોટ અમદાવાદ હાઈવે પર બામણબોર ગામ પાસે જતા હતા ત્યારે અજાણ્યા વાહનના ચાલકે બાઈકને હડફેટે લઈ નાસી જતા યુવાનનું કરૂણ મોત નિપજયું હતું.

બનાવના પગલે પીએસઆઈ એ.કે.ગોસ્વામી પ્રાથમિક તપાસ હાથ ધરી છે.

# ગોંડલમાં કોન્ટ્રાકટરના અપહરણ મામલે કારોબારી અધ્યક્ષ સહિત ચાર સામે ગુનો નોંધ્યો

## હાઈકોર્ટમાં ફરિયાદ થયા બાદ ગુનો નોંધાયોઃ પોલીસની ભૂમિકા સામે ઉઠતા અનેક સવાલો

**મુખ્ય સમાચાર, ગોંડલ**

ગત ડિસેમ્બર માસમાં સફાઈ કોન્ટ્રાક્ટરનું ટેન્ડર ભરનાર કોન્ટ્રાકટરનું અપહરણ કરવાની ઘટનામાં જે તે સમયે ગુનાની ગંભીરતા સમજી ગુનો નોંધવાને બદલે સતાધીશ આરોપીઓની તરફેણ કરી ફરિયાદ, ગુનો નોંધવામાં અખાડા કરતા હુમલાનો ભોગ બનનારે હાઈકોર્ટના દ્વાર ખખડાવતાં

'ગોંડલ નગરપાલિકા માં સફાઈ અપહરણ કરી માર માર્યો હતો.બનાવ કોન્ટ્રાક્ટ નાં ટેન્ડર મુદ્દે સુરત નાં કોન્ટ્રાક્ટર નું અપહરણ કરી ઢોરમાર મારી બળજબરી પુર્વક નોટરી કરાવી લેવાની ચર્ચાસ્પદ ઘટના માં પોલીસ ની ઢીલી નીતી સામે હાઇકોર્ટે આકરો રવૈયો મ અખત્યાર કરતા બનાવ નાં બે મહીના બાદ બી ડીવીઝન પોલીસે નગરપાલિકા નાં કારોબારી અધ્યક્ષ, નગરપાલિકા નાં સદસ્ય, ચિફ ઓફિસર તથા સફાઈ અંગે કોન્ટ્રાક્ટ રાખનાર સામે આઇપીસી કલમ ૩૯૫,૩૪૨,૩૨૩,૫૦૪,૫૦૯(૨)૧૧૪ મુજબ ગુન્હો નોંધી મોટામાથાઓ ની ધરપકડ માટે ચક્રો ગતિમાન કર્યા છે. ગોંડલ માં ચકચારી બનેલી કોન્ટ્રાક્ટર અપહરણ કાંડ ની પ્રાપ્ત વિગત મુજબ નગરપાલીકા દ્વારા સફાઈ કામ માટે કોન્ટ્રાક્ટ પધ્ધતિ અમલી કરાઈ હોય સુરત નાં દરબાર વેસ્ટ કોર્પોરેશન દ્વારા ટેન્ડર ભરાયુ હતુ.દરમિયાન સફાઈ કોન્ટ્રાક્ટ નહી આપવાનાં ઇરાદે નગરપાલિકા નાં જવાબદાર પદાધિકારી, ચિફ ઓફિસર અંગે સુરત ન્યુ સીટી લાઇન જીવીબા પાર્ક સોસાયટી માં રહેતા દરબાર વેસ્ટ કોર્પોરેશનનાં બીપીનસિંહ પીલુદરીયાએ બી ડીવીઝન માં નગરપાલિકાનાં કારોબારી અધ્યક્ષ રાજેન્દ્રસિંહ જાડેજા, સદસ્ય ચંદુભાઈ ડાભી, ચિફ ઓફિસર અશ્વીનભાઈ વ્યાસ તથા મયંક કચરાભાઈ વૈષ્ણવ સામે ફરિયાદ કરી હતી. ફરિયાદ માં જણાવ્યું કે તા.૨૨/૧૨/૨૩નાં ગોંડલ અક્ષર મંદિર સામેથી રાજેન્દ્રસિંહ જાડેજા, ચંદુભાઈ ડાભી સહીતનાએ પોતાનું અપહરણ કરી એક બંગલા નાં પહેલા માળે ગોંધી રાખી ઢોર માર માયી હતો.બાદ માં ચિફ ઓફિસર અશ્વીનભાઈ વ્યાસે નગરપાલિકા ની ગાડીમાં બેસાડી પ્રગટેશ્વર ઝેરોક્ષ ની દુકાને લઈ જઈ બળજબરી પૂર્વક નોટરી કરાવી પરત બંગલે લઈ આવી ટેન્ડર અંગે અરજી કરશો તો જાનથી મારી નાખવા ધમકી આપી હતી.બીપીનસિંહ પીલુદરીયાએ વધુ માં જણાવ્યુ કે ડોર ટુ અદાલતે પોલીસની ટીકા કરી ગુનો નોંધવા આદેશ કર્યો હતો. આ પછી પોલીસે ગુનો તો નોંધ્યો પણ સતાધીશ આરોપીઓનો મહત્તમ બચાવ થાય એવું વલણ દાખવી કેટલીક કલમો નજર અંદાજ કરતા હજુ આ મામલો ફરિયાદ પક્ષ હાઈકોર્ટમાં લઈ જવા તૈયારી કરી રહ્યો છે. અને પ્રથમથી અત્યાર સુધીની પોલીસ કર્તવ્ય ભૂમિકા રજૂ કરશે.

વિઝીટ સર્ટીફીકેટ મેળવવા અરજી કરેલ હતી. તે મારે નથી જોઈતુ તેવું બળજબરી થી લખાણ લખાવી લીધુ હતું બીપીનસિંહ પીલુદરિયાએ બનાવ અંગે પોલીસ ફરિયાદ લેવા તા.૨૮/૧૨/૨૦૨૩ નાં બી ડીવીઝન માં અરજી કરી હતી.બાદ માં પોલીસ સ્ટેશન માં તેમનું રુબરુ નિવેદન લેવાયુ હતુ.ઉપરાંત સાહેદ દીનેશ સતાણીનું પોલીસે સુરત જઈ નિવેદન નોધ્યું હતું.પોલીસે બનાવ અંગે લાંબા સમય સુધી ગુન્હો દાખલ નહી કરતા બીપીનસિહ પીલુદરીયાએ હાઇકોર્ટ માં રીટ પીટીશન કરતા હાઇકોર્ટ દ્વારા બી ડિવિઝન પોલીસ ને ચાર અઠવાડીયા માં ફરિયાદ લઈ યોગ્ય નિકાલ કરી રીપોર્ટ આપવા તાકીદ કરતા આખરે કારોબારી અધ્યક્ષ સહિત અન્યો સામે ગુન્હો દાખલ કરાયો છે. બીજી તરફ ફરિયાદી બીપીનસિંહે જણાવ્યુ કે અપહરણ ની ઘટનામાં સરકારી ગાડી અને તંત્ર ની સંડોવણી છે. તે અંગે પોલીસે કલમ ઉમેરી નથી.આ માટે ફરી હાઇકોર્ટ નાં દ્વાર મ સહિતનાએ સુરત નાં કોન્ટ્રાક્ટર નું ડોરકચરા કલેક્શન નાં ટેન્ડર માટે સાઈટ ખખડાવાશે.

**MUKHYA SAMACHAR (DAILY EVENING)** Publisher, Editor, Printer & Owner : **RAJDEEPSINH MANOHARSINH ZALA,** Place of Publication : **4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat),** Printed At :**R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT**